**સુવિચાર**
''દિવસ કેવો ગયો એ સાંજે વિચારવા કરતાં, દિવસ કેવો જવા દેવો, એ સવારે વિચારી લેવું વધું હિતાવહ છે.''
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૬/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૧૬૮

## વરસડા રોડ બાયપાસથી કુંકાવાવ માર્ગ સુધી જેસીબી ફરી વળ્યુ

# અમરેલીમાં થયેલ ગેરકાયદેસર દબાણો દૂર કરાયા

**જો કે મોટાભાગનાં દબાણકારોએ સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરતાં તંત્રને વધારે મહેનત કરવી ન પડી**

**પોલીસ વિભાગનાં ચાંપતા બંદોબસ્ત વચ્ચે પાલિકા, માર્ગ-મકાન સહિતનાં સરકારી વિભાગો જોડાયા**

**શહેરનાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ પરથી દબાણો દૂર થતાં ટ્રાફિક અને અકસ્માતની સમસ્યામાં ઘટાડો થશે**

**આગામી દિવસોમાં પણ દબાણ દૂર કરવાની કામગીરી શરૂ રહેશે**








અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે નગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે સોમવારે સંયુકત ડિમોલેશન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના લાઠી રોડ બાયપાસથી શરૂ કરી સેન્ટરપોઈન્ટ થઈ કુંકાવાવ રોડ ગઢની રાંગ સુધીના વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો સામે બુલડોઝર ફેરવી કાર્યવાહી કરવામાં આવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

મળતી માહિતી મુજબ અમરેલી શહેરના લાઠી રોડ બાયપાસથી કુંકાવાવ રોડ સુધી આવેલા અંદાજે ૧૦૦ જેટલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા અગાઉ નગરપાલિકા અને આર એન્ડ બી વિભાગ દ્વારા સંબંધિત દબાણકારોને નોટિસો આપવામાં આવી હતી.

નોટિસ મળ્યા બાદ મોટાભાગના દબાણકારોએ પોતે પોતાના દબાણો સ્વૈચ્છિક રીતે દૂર કરી દીધા હતા, જયારે બાકી રહેલા દબાણો સામે આજે વહીવટી તંત્ર દ્વારા આજે દબાણ હટાવની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સમગ્ર અભિયાનમાં આર એન્ડ બી વિભાગ, રેવન્યુ વિભાગ, પીજીવીસીએલ, અમરેલી નગરપાલિકા તેમજ પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સંયુકત રીતે જોડાયા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

અમરેલીના પ્રાંત અધિકારી મહેશ નાકિયાએ જણાવ્યું હતું કે, શહેરમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી આગામી દિવસોમાં પણ તબક્કાવાર ચાલુ રહેશે. જાહેર માર્ગો અને સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો દૂર કરી શહેરમાં સુવ્યવસ્થિત ટ્રાફિક અને વિકાસલક્ષી કામગીરીને પ્રોત્સાહન આપવા માટે આ અભિયાન સતત ચાલુ રાખવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

સ્ટાફ જોઈએ છે
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
લેડીઝ અથવા જેન્ટસ
રૂબરૂ સંપર્ક કરવો
અનુભવીને પ્રથમ પસંદગી
રૂબરૂ મળવા માટે સમય : સવારે ૧૧ થી સાંજે ૫
પોતાનુ રીઝયુમ સાથે લાવવું
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૦૫/૦૭/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૪

ડો. સાગર લાલાણી — પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ, બાળકોના મગજના રોગો, આંચકી, ખેંચના નિષ્ણાંત
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૨

ડો. સાગર ધોડાસરા — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧૨

ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ, ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

ડો. ધ્રુવ દેસાઈ — પેડિયાટ્રિક ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ, બાળકોના પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સાંજે ૫ થી ૬

ડો. મૌલિક ભડાણીયા — ગેસ્ટ્રોસર્જન, પેટ, આંતરડા, લીવરના સર્જન
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુકવારે, સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦

ડો. વિશાલ પોપટાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧

ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
તા. ૦૪/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૬

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)   ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.)   ડો. હર્ષિદ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. [illegible]
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈનફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. [illegible]

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર), મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન

દર મહિનાના ત્રીજા શુક્રવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist

દર મહિનાના ત્રીજા શુક્રવારે — ડો. પ્રિતિશ શાહ, એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી), કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
લક્ષણો: પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

હાર્દિક અભિનંદન

બાબરા શહેર ભારતીય જનતા પાર્ટીના નવનિયુકત પ્રમુખ
શ્રી કલ્પેશભાઈ ખખ્ખર આપની બાબરા શહેર ભાજપના પ્રમુખ તરીકે થયેલી વરણી બદલ હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ....
આપના સશકત નેતૃત્વ, સંગઠન પ્રત્યેની નિષ્ઠા, સેવાભાવ અને કાર્યકર્તાઓને સાથે લઈ ચાલવાની આગવી કાર્યશૈલીથી બાબરા શહેર ભાજપ સંગઠન વધુ મજબુત બનશે તથા જનસેવાના નવા આયામો સ્થાપિત કરશે તેવી પૂર્ણ આશા અને વિશ્વાસ વ્યકત કરીએ છીએ.....
પરમાત્મા આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને લોકસેવાના કાર્યમાં સતત સફળતા અર્પે તેવી શુભેચ્છાઓ.....
:: શુભેચ્છક ::
શ્રી રંજનબેન રમેશભાઈ પરવાડીયા, પ્રમુખ : નગરપાલિકા-બાબરા
શ્રી ચગ્નેશભાઈ શુકલ, ઉપપ્રમુખશ્રી : નગરપાલિકા-બાબરા
શ્રી રમેશભાઈ પરવાડીયા, અગ્રણીશ્રી : શહેર ભાજપ-બાબરા
શ્રી ભરતભાઈ રંગપરા, ચેરમેનશ્રી : કારોબારી સમિતિ નગરપાલિકા બાબરા
તથા તમામ નગરપાલિકાના ભાજપના સદસ્યશ્રીઓ
મુ. બાબરા, જી. અમરેલી

### વિહિપનાં અનુષંગિક સંગઠન દ્વારા જવાબદારી સોંપાઈ

# બાબરાનાં પત્રકાર ઈન્દ્રજીતસિંહ ચૌહાણની બજરંગદળનાં સહસંયોજક તરીકે વરણી

## આગેવાનો અને શુભેચ્છકોએ પાઠવી શુભેચ્છાઓ

બાબરા, તા. ૨૯

વિ હિંદુ પરિષદના અનુષંગિક સંગઠન બજરંગ દળ દ્વારા સંગઠનના વિસ્તરણ, મજબૂતીકરણ અને સેવા કાર્યોને વધુ વેગ આપવા માટે અમરેલી જિલ્લામાં વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ અંતર્ગત બાબરાના જાણીતા પત્રકાર તથા રાજપૂત સમાજના અગ્રણી ઈન્દ્રજીતસિંહ ચૌહાણને અમરેલી જિલ્લા બજરંગ દળના સહસંયોજક તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

આ વરણી ભાવનગર વિભાગ બજરંગ દળના સંયોજક ગીગુભાઈ આહીરના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે સંગઠનના આગેવાનોએ જણાવ્યું હતું કે બજરંગ દળ દ્વારા સમાજમાં સેવા, સંસ્કાર, સંગઠન અને રાષ્ટ્રહિતના વિવિધ આયામોમાં સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્યને વધુ વ્યાપક અને અસરકારક બનાવવા માટે નિષ્ઠાવાન અને સક્રિય



કાર્યકરોને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે.

સંગઠનના હોદ્દેદારોએ ઈન્દ્રજીતસિંહ ચૌહાણને શુભેચ્છાઓ પાઠવતા વિસ વ્યકત કર્યો હતો કે તેઓ પોતાના અનુભવ, કાર્યકુશળતા અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાના બળે અમરેલી જિલ્લામાં બજરંગ દળના સંગઠનને વધુ મજબૂત બનાવશે. સાથે જ નવા યુવાનોને સંગઠન સાથે જોડવા, સમાજ જાગૃતિના કાર્યક્રમો યોજવા તથા સેવા અને રાષ્ટ્રહિતના વિવિધ કાર્યોમાં સક્રિય નેતૃત્વ પૂરૂં પાડશે.

વરણી બાદ ઈન્દ્રજીતસિંહ ચૌહાણે સંગઠનના વરિષ્ઠ આગેવાનોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે, 'સંગઠને મારા પર જે વિસ વ્યકત કર્યો છે તેને હું સંપૂર્ણ નિષ્ઠા, સમર્પણ અને જવાબદારી સાથે સાર્થક કરવાનો પ્રયાસ કરીશ. બજરંગ દળના સિદ્ધાંતોને જન–જન સુધી પહોંચાડવા, યુવાશકિતને સંગઠિત કરવા તેમજ સમાજ અને રાષ્ટ્રહિતના કાર્યોમાં સક્રિય યોગદાન આપી સંગઠનને વધુ મજબૂત બનાવવાના સતત પ્રયાસો કરીશ. તમામ કાર્યકરોના સહયોગથી સંગઠનના દરેક કાર્યક્રમને સફળ બનાવવાની મારી પ્રતિબદ્ધતા રહેશે.'

ઈન્દ્રજીતસિંહ ચૌહાણની આ મહત્વપૂર્ણ વરણીને પગલે બાબરા શહેર સહિત સમગ્ર અમરેલી જિલ્લામાં તેમના શુભેચ્છકો, સામાજિક આગેવાનો અને મિત્રવર્તુળમાં આનંદની લાગણી જોવા મળી હતી અને તેમને શુભેચ્છાઓનો ધોધ વહ્યો હતો.

# બગસરામાં જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૯

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ધારી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી દ્વારા ડીવીઝન વિસ્તારમાંથી જુગાર/દારૂની બદી દુર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ દરોડા કરી જુગાર દારૂની કડક કાર્યવાહી કરવાં સુચના આપેલ હોય.

જે અન્વયે બગસરા પોલીસ ઈન્સ્પે. વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે બગસરાના આરબવાડ વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા પાંચ ઈસમોને રોકડા રૂા. ૧૧,૩૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ કરવામાં આવેલ છે.

### સેફ્ટીના નિયમોને નેવે મુકીને કાર્ય થતું હોવાની ચર્ચા

# સાવરકુંડલામાં ગટરનું કામ શરૂ હોય ગેસ લાઈન તુટી : હોનારત ટળી

## સ્થાનિકોમાં તંત્ર સામે નારાજગીનો માહોલ



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના જનતા બાગ વિસ્તારમાં જીયુડીસી દ્વારા સેફટીના નિયમો નેવે મૂકીને કરવામાં આવતી ગટર લાઈનની કામગીરી દરમિયાન એક મોટી બેદરકારી સામે આવી છે. જેસીબી મશીનની ટક્કર વાગતા ગુજરાત ગેસની મુખ્ય પાઈપલાઈન મોટા અવાજ સાથે ફાટી ગઈ હતી. ગેસ લીકેજ થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ સર્જાયો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સુરક્ષાના કોઈ પણ માપદંડો જાળવ્યા વગર બેજવાબદાર રીતે કામ ચાલી રહ્યું હતું. સદનસીબે કોઈ મોટી દુર્ઘટના કે આગ લાગવાની ઘટના ન ઘટી, જેથી મોટી જાનહાનિ ટળી છે. તંત્રની આ ઘોર બેદરકારી અને ગંભીર ક્ષતિ છતાં પણ અધિકારીઓ મેન સેવી રહ્યા હોવાથી સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે.

# બાબરા તાલુકા ભાજપ પ્રમુખનું પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા સન્માન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટીના નવ નિયુકત બાબરા તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલાની નિમણૂંકને લઈને સમગ્ર તાલુકા ભાજપ સંગઠનમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ અનુસંધાને પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ તથા કોળી સમાજના અગ્રણી નીતિનભાઈ રાઠોડે સુરેશભાઈ વાઘેલાની શુભેચ્છા મુલાકાત કરી તેમને મોઢું મીઠું કરાવી શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે નીતિનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તા આધારિત અને સિદ્ધાંતનિષ્ઠ રાજકીય સંગઠન છે. સુરેશભાઈ વાઘેલાના નેતૃત્વમાં તાલુકા ભાજપ સંગઠન વધુ મજબૂત બનશે, કાર્યકરો વચ્ચે વધુ સમન્વય સર્જાશે અને પક્ષને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે તેવી શુભેચ્છા તેમણે વ્યકત કરી હતી.

પ્રતિસાદમાં તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલાએ શુભેચ્છા અને સન્માન બદલ નીતિનભાઈ રાઠોડનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પક્ષના વરિષ્ઠ આગેવાનોના માર્ગદર્શન અને કાર્યકરોના સહયોગથી સંગઠનને વધુ સશકત બનાવવા તેમજ કેન્દ્ર અને રાજય સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત રહેશે.

શુભેચ્છા મુલાકાતનો સમગ્ર કાર્યક્રમ આત્મીય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો, જે ભાજપ સંગઠનની એકતા, સમર્પણ અને કાર્યકર્તા સંસ્કૃતિનું સુંદર પ્રતિબિંબ બન્યો હતો.

### સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા

# બાબરાના પંચકુંડ ખાતે વડ સાવિત્રી વ્રતની શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ

## પતિના દીર્ઘાયુ અને નિરોગી જીવન માટે પ્રાર્થના કરી

બાબરા, તા. ૨૯

બાબરા શહેરના પંચકુંડ ખાતે આવેલા અતિ પૌરાણિક વડવૃક્ષના સાંનિધ્યમાં વડ સાવિત્રી વ્રતની ઉજવણી ધાર્મિક માહોલમાં શ્રદ્ધા, ભક્તિ અને પરંપરાગત વિધિ–વિધાન સાથે કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં સૌભાગ્યવતી મહિલાઓએ વડવૃક્ષની પૂજા–અર્ચના કરી વ્રતનું પાલન કર્યું હતું.

આ પ્રસંગે મહિલાઓએ વડ સાવિત્રી વ્રતની કથા શ્રવણ કરી, વડવૃક્ષની પ્રદક્ષિણા કરી અને પરંપરા મુજબ સૂતર વીંઘી પૂજન અર્ચન કર્યું હતું. પતિના નિરોગી, સુખમય અને દીર્ઘાયુ જીવન તેમજ પરિવારના સુખ – સમૃદ્ધિ માટે હાર્દિક પ્રાર્થનાઓ કરી હતી.

પંચકુંડ ખાતે આવેલા અતિ પ્રાચીન અને પૌરાણિક શિવલિંગનું પણ મહિલાઓએ ભક્તિભાવપૂર્વક અભિષેક, પૂજન અને આરાધના કરી ભગવાન મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.સમગ્ર વિસ્તાર 'ૐ નમઃ શિવાય'ના જાપ અને ધાર્મિક ભાવનાથી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ગુંજી ઉઠયો હતો.

વડ સાવિત્રી વ્રત ભારતીય સંસ્કૃતિમાં પતિના કલ્યાણ, અખંડ સૌભાગ્ય અને પરિવારના સુખ–શાંતિ માટે મનાવવામાં આવતું પવિત્ર વ્રત છે. બાબરાના પંચકુંડ ખાતે આ વ્રતની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્સાહ, આસ્થા અને ભક્તિના અનોખા વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

# દામનગરમાં જુનું પોલીસ સ્ટેશન બન્યુ ગાય માતા અને આખલાઓ માટે આરામ સ્થળ

દામનગર, તા. ૨૯

હવે તો વિકાસ પૂરપાટ ઝડપે આગળ વધી રહ્યો છે, જાણે કે હવાઈ દળનું વિમાન પણ પાછળ રહી જાય..!! સરકાર અને વહીવટી તંત્રની સાથે જનતા પણ વિકાસના કાર્યોમા સહયોગ આપતી હોય છે. જુનું અને નવામા ઘણું અંતર છે – તે કોઈ ના ન કહી શકે..! આ તસવીર છે, દામનગર શહેરમાં ૧૩૫ વર્ષ પહેલાં સર દામાજીરાવ ગાયકવાડ સરકારે વહીવટી કાર્યો માટે વહીવટી કચેરી, અને બીજી બે ઈમારત એક પોલીસ સ્ટેશન અને એક ગ્રામ પંચાયત કચેરીનો અન્ય કોઈ સારા કાર્યો માટે ઉપયોગ થતો ન હોય ખંઢેર હાલતમાં જર્જરીત હાલતમાં રહેલા




પોલીસ સ્ટેશનના એક રૂમમાં ગાય માતા, આખલાઓ અને ભૂંડ ને આરામ માટે છાયામાં નિરાંત વાળુ સ્થળ મળી જતાં આરામ ફરમાવતા હોય છે. અને ગંદકીના થર અને આડેધડ પ્લાસ્ટિકના જબલા સહિતનો કચરાના ઢગલાથી સ્વચ્છતાના લીરે લીરા ઉડે છે. આ જગ્યામાં સફાઈ કામગીરી કરાવાય એવી માંગ છે. હાલ આઈમારતો માર્ગ અને મકાન વિભાગ, અમરેલી હસ્તક છે.

### ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સની રજુઆત

# અમરેલીનાં વેપારીઓને રૂપિયા ૧૦ અને રૂપિયા ૨૦ની નોટ ફાળવવા માંગ

## આર.બી.આઈ.માં પત્ર પાઠવવામાં આવ્યા

અમરેલી, તા. ૨૯

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આરબીઆઈને પત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી એસ.બી.આઈ. બેંક શાખાને પરચુરણ તેમજ નોટો ફાળવવા બાબત તેમજ અમરેલી શહેરમાં કરન્સી ચેસ્ટ ચાલુ કરવા બાબત આ અમારી આપની બેંકમાં ચોથીવાર રજુઆત કરેલ છે. પણ આ બાબતે કોઈ ઉકેલ આવેલ નથી. નાના વેપારીઓ, છુટક ધંધો, રોજગાર કરનારા હોય તેમને પરચુરણ તેમજ નાની નોટોની આવશ્યકતા વધારે રહે છે. તો આપને વિનંતી સાથે જણાવવાનું કે, વેપારીઓને આ બાબતે ખુબ જ મુશ્કેલી પડી રહી છે. હાલમાં રૂા. ૧૦, રૂા. ૨૦ની નોટો એકદમ રદી હાલતમાં આવે છે. તે વહેવારમાં ચાલે તેમ નથી. છતાં વેપારીઓ રદી નોટથી ચલાવી રહ્યા છે. મોટા સીટી સુરત, અમદાવાદ, રાજકોટ વગેરે શહેરોમાં પરચુરણ તેમન નોટો જોઈએ તેટલી બેંકમાંથી મળે છે. અમરેલી બેંકને કેમ મળતી નથી ? આ બાબત બેંક મેનેજર તથા કર્મચારીઓને પગાર લેવામાં જ રસ હોય તેવુ લાગી રહ્યુ છે. લોકોને કે વેપારીઓની તથા બેંકના ગ્રાહકોની મુશ્કેલી ધ્યાને લેવામાં આવતી નથી. દિવાળી ઉપર નવી નોટો બેંકમાં આવેલ તે લાગતા વળગતા તથા કર્મચારીઓને વિતરણ કરેલ, લોકોને નવી નોટો મળેલ નહી. આ બધી બેંકોની જવાબદારી છે. માટે કરન્સી ચેસ્ટ તેમજ પરચુરણનો યોગ્ય ઉકેલ લાવી લોકોને વિતરણ કરો. નહીતર અમરેલીના વેપારીઓ બેંકમાં આવી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરી બેંકમાં રામધુન બોલાવશે તેમ અંતમાં જણાવેલ છે.

# લાઠીનાં કેરિયા ગામે જુગાર રમતાં ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૯

લાઠી તાલુકા કેરીયા ગામે આઠેય આરોપીઓ ગામે અમરશીભાઈ રણછોડભાઈ વસાણીયાના રહેણાંક મકાન પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં પૈસાથી તીનપતી નામનો હાર–જીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૪૮૪૦ના મુદ્દામાલ સાથે રંગે હાથ ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલીના શિક્ષક ભાભલુભાઈ વરૂને રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘની ટીમમાં ઉપાઘ્યક્ષની જવાબદારી સોંપાઈ

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના વતની અને શિક્ષકોના પ્રશ્નોને યોગ્ય જગ્યા એ વાચા આપનાર એવા ભાભલુભાઈ વરૂની ઉત્કૃષ્ટ કામગીરી ને ધ્યાને લઈ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કોર ટીમે વરિષ્ઠ ઉપાધ્યક્ષની મહત્વની



જવાબદારી આપી છે. શિક્ષણ ક્ષેત્રે લાંબો અનુભવ, સમન્વય કરવાની ક્ષમતા અને શિક્ષકોમા લોકપ્રિય એવા ભાભલુભાઈ વરૂની આ વરણીને ગુજરાતના શિક્ષકોમા હરખની હેલી જોવા મળે છે. અમરેલી જિલ્લ શૈક્ષિક મહાસંઘ આ વરણીને આવકારે છે.

# કોંગ્રેસ દ્વારા અંટાળીયા મહાદેવ મંદિર ખાતે પંચાયતી રાજ સંગઠનની શિબિર યોજાઈ





અમરેલી લીલીયા મોટાના અંટાળીયા મહાદેવ ખાતે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનની શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્યામલાલ પુરોહિત ભીલવાડા રાજસ્થાન મોહનભાઈ ડાંગર, જયપુર રાજસ્થાન જયંતીભાઈ ભાટિયા પ્રદેશ અધ્યક્ષ, હસમુખલાલ ચાંદ્રેડીયા, હરિશભાઈ મશતભાઈ, રામ જૂનાગઢ, દાનુભાઈ ખુમાણ જિલ્લા સંગઠન અમરેલી દ્વારા શિબિરમાં કોંગ્રેસના ઈતિહાસ સ્વતંત્રતાની લડાઈ રાષ્ટ્રના વિકાસમાં કોંગ્રેસ દ્વારા કરેલા કામો ભારતના વિકાસની ઉજજવળ ગાથાનું વર્ણન કરેલ તેમજ ગાંધીજી, સરદાર પટેલ, નહેરૂજી, આંબેડકર, મોલાના આઝાદ, સુભાષચંદ્ર બોઝ તેમજ અનેક શહીદોનો ભારત માતાની આઝાડિયા ફાળો વગેરે વિવિધ વિષયો પર ચણાવટ કરેલ તેમજ કોંગ્રેસ કાર્યકરના ઘડતર માટે વિવિધ સૂચનો, કરેલ સત્ય, નિષ્ઠા, પ્રામાણિકતા તથા સર્વે ધર્મ એકતા વિષે કાર્યકરોને માર્ગદર્શન તેમજ સમજણ આપેલ ૧૨૫ વર્ષ જુના કોંગ્રેસ પક્ષ તેમજ ભારતના વિકાસની ગાથા સમજાવેલ આ તકે તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખ તેમજ તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામ પંચાયતના સરપંચઓ તેમજ કોંગ્રેસ પક્ષાના વિવિધ ફ્રન્ટના આગેવાનો સાવરકુંડલા, લીલીયા, ધારી, જાફરાબાદ વગેરે તાલુકાના કોંગ્રેસ કાર્યકરતા હાજર રહેલ બે દિવસ સુધી અંટાળીયા મહાદેવ ખાતે રાત્રી રોકાણ કરીને અનેક સાંસ્કૃતિક કાર્યકમો દ્વારા કાર્યકર્તાનું ઘડતર કરવા જહેમત ઉઠાવેલ. ત્યારબાદ સમાપનમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત દ્વારા શિબિરમાં હાજર રહેલ કોંગ્રેસ કાર્યકર્તાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ તેમજ રાષ્ટ્રગાન તેમજ વૈષ્ણવજન ભજન ગાયન ગાયને આ કાર્યકમનુંસમાપન કરવામાં આવેલ. જેમાં ૨૫૦ ઉપરાંતના કાર્યકર્તાઓએ ભાગ લીધેલ હતો. આ શિબિર દાનુભાઈ ખુમાણ આગેવાન હેઠળ યોજવામાં આવી હતી. જેમાં તાલુકાના કોંગ્રેસ પ્રમુખ અને કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા. જેની યાદી નીતિનભાઈ ત્રિવેદી અખબાર યાદી આપેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ચેરમેન દીપક માલાણીએ વન મંત્રીને પત્ર પાઠવ્યો

# સિંહોનાં માનવ પર સતત હુમલા બાબતે એસ.ઓ.પી.નો નિર્ણય યોગ્ય

**માનવની સુરક્ષા માટે કેવી રીતે કામગીરી કરી શકાય તે અંગે મહત્વનું માર્ગદર્શન માલધારીઓ આપી શકે તેમ છે**

**સિંહોની સંખ્યા ઘટાડવી, નિયંત્રીત કરવી તે પ્રથમ અને અનિવાર્ય ઉપાય છે તેનો એસઓપીમાં સમાવેશ જરૂરી**

**જંગલ વિસ્તારમાં માનવ ચહલપહલ પર પ્રતિબંધ કરવાથી પણ વિપરિત અસર થયેલ છે**

**અગાઉનાં સમયમાં નેસડાઓ વન વિભાગની એક કચેરી જેટલું કામ કરતા હતા તે અંગે પણ વિચારવુ જરૂરી**

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ચેરમેન દીપક માલાણીએ વન મંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સિંહોના માનવી પર સતત હુમલા બાબતે એસ.ઓ.પી. બનાવવાના અખબારી અહેવાલથી જાણવા મળ્યું છે જે ખૂબ જ જરૂરી અને આવકાર્ય છે. એક ગ્રામ નિવાસી ખેડૂત નાગરિક તરીકે લોકચર્ચા અને સંવાદમાંથી જે કાંઈ માહિતી મળી છે. જણાવતા વધુમાં સુચિત એસ.ઓ.પી. માટે જેઓ ગીર ભૂમિમાં જન્મયા છે, ઉછર્યા છે, વંશ પરંપરાગત નિવાસીઓ છે અને સમગ્ર ગીરની બાયોડાયવર્સિટી અને આ પ્રજાતીની પ્રકૃતિ અને જીવન સાયકલથી જાણકાર છે તેવા નાના પણ અનુભવી લોકોને ગોતી ગોતીને અભિપ્રાય મેળવશો. ઉપરાંત પ્રભાવીત વસ્તીના લોકોને પણ સાંભળજો. કેમ કે,

વર્ષોથી ચાલે છે એવું કે, સ્થાનિકોને બદલે જેને ગીર કે આ વિસ્તારની ભૂમિ સાથે ડાયરેકટ કોઈ નિસ્બત નથી. પણ બધી જ રીતે પહોંચવાળા કિંમતી કેમરા, દુરબીનો અને અંગ્રેજી પુસ્તકોવાળા અને બર્મુડા ધારીઓનો જ પ્રભાવ નીચે ગીરની કે તેના વાઈલ્ડ લાઈફને લગતી નીતિ, નિયમો કે ગાઈડલાઈન બનાવવામાં આવે છે. આજની સમસ્યાનું મુળ જ અહીયા છે એટલે બર્મુડાધારીઓ કરતા પાઘડી, ફેટા કે સાદા પોશાકવાળાનું વધારે ધ્યાનમાં લેજો. બીજા શબ્દોમાં પુસ્તકીયા જ્ઞાન કે દેહરાદુન બ્રાન્ડને બદલે તળપદી બ્રાન્ડને મહત્વ આપશો.

આ સિંહોની સંખ્યા ઘટાડવી, નિયંત્રીત કરવી તે પ્રથમ અને અનિવાર્ય ઉપાય છે. એટલે તેઓ એસ.ઓ.પી.માં સમાવેશ થવો જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, એશિયાટીક પ્રજાતીના સિંહો માનવભક્ષી કે આદમખોર બની રહ્યા છે જે ભુતકાળ



માં કદી ન હતા તે હકીકત છે.

જેને ગીર નેશનલ પાર્ક જાહેર કરેલ છે ત્યાં સિંહનો વસવાટ છે કે કેમ ? અને ત્યાંની ખરી સંખ્યા કોઈ જાહેર કરે કે કેમ ? તે સીટ રચવા જેવો પ્રશ્ન છે. ગીરના આ સિંહો તેની મુળ ભૂમિ ગીર જંગલ કરતા બહાર વધારે સંખ્યામાં છે જે ભુતકાળમાં કદી ન હતા તે હકીકત છે. તેના કારણો (એ) માલધારીઓના નેસ અને તેની સાથે ડોમેસ્ટીક પશુઓને બહાર કાઢવા. (બી) જેને કારણે જંગલ ગીચ અને ઝાડી–ઝાખરાવાળુ બન્યું. કેમ કે આ જાનવર સપાટ, ચોખ્ખી અને ખુલ્લી જમીનમાં અને માણસોની અવર–જવર હોય, ડોમેસ્ટીક પશુઓ હોય ત્યાં રહેવા ટેવાયેલ મુળ પ્રકૃતિના છે. (સી) કેરીંગ કેપેસીટી કરતા અનેકગણી વસ્તી વધી ગઈ છે. (ડી) કનકાઈ, બાણેજ જેવા દેવસ્થાઓ અને અન્ય આશ્રમો દૂર કરી જુદી જુદી રીતે માનવ ચહલ–પહલ પર પ્રતિબંધ કરવાની પણ વિપરીત અસર થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ નેસડાઓ ખરેખર તો વનવિભાગની એક ઓફિસ જેટલું કામ કરતા. કેમ કે, એક માલધારી પશુ ચરાવવા પાછળ એવરેજ દસથી બાર કિલોમીટર ચાલે. તે દરમિયાન તેના ધ્યાને જે કાંઈ બાબત આવે તે સંબંધીત ફોરેસ્ટર કે બીટગાર્ડ સુધી પહોંચાડતા. મત્તલબ એક પ્રકારનું પેટ્રોલીંગ થતું. આ સિવાય જંગલ સ્ટાફને રોકાવા, ચા–પાણીનું વગર ખર્ચનું ઠેકાણું એટલે આ નેસ.

વધુમાં જણાવેલ છે કે, આ પ્રજાતીને માનવીય ચહલ–પહલ, ડોમેસ્ટીક પશુઓ અને ચોખ્ખુ, જાડા–જાખરા વગરનું સ્થળ અને રસ્તો ગમે છે, એ તેનો કુદરતી સ્વભાવ છે અને એ બધુ ગીરના જંગલમાં હતું. એટલે જ આ પ્રજાતી અહીંયા આવી અને ટકી એ સત્ય તો કોઈ કહેતું નથી અને આ નેચર કલબ અને તે મંડળના નામે બધુ ચલાવે છે. ખરેખર તો આ માલધારી અને માનવીય ચલહ–પહલના પ્રતિબંધો એટલે સિંહોના જીવનમાં હસ્તક્ષેપ કે દુઃખી કરવાની શરૂઆત, ખરેખર આ નિર્ણય કરાવનાર જ સિંહોના વિરોધી ગણાય. એશીયાટીક સિંહોના અસ્તીત્વ માટે જોખમ સિંહોનું મુળ રહેઠાણ છોડી બહાર નીકળવું તે છે.

વધુમાં જણાવેલ છે કે, એક સમયે સિંહોની કુલ સંખ્યા ૧૦૦ની અંદર પછી એક સમયે ૨૦૦ની અંદર હતી જે વન વિભાગનાં રેકર્ડ પર છે જે આજે ૯૦૦ થઈ ગઈ છે. એટલે સુચીત એસ.ઓ.પી.માં વસ્તી ઘટાડવાનો મુદો અગ્રીમ, તાર્કીક અને વ્યવહારૂ છે. તે માનવ જીંદગી (ખાસ કરીને મજુરોની) અને ખેતીના હીતમાં છે.

દુનિયામાં કોઈ એવો વિસ્તાર નહી હોય કે જયાં જંગલી પ્રાણીઓ ખેતી અને માનવ વસાહતની જમીનમાં રહેતા હોય. સિંહ પ્રેમીઓ, પર્યાવરણ પ્રેમીઓના લેબલવાળા કદાચ આ ૯૦૦ના ૧૫૦૦ થાય તો પણ વસ્તી ઘટાડવાના તરફે ન હોય. પણ ખેતી અને ખેડૂત હિતેચ્છુઓ આ વસ્તી ઘટાડવાની તરફેણમાં છે અને અગાઉની જેમ ૨૦૦ આસપાસ થઈ જાય તો પણ જીડીપી કે રાષ્ટ્ર માટે કોઈ પડકારરૂપ નહી થાય અને એક સમયે ૧૦૦ની આસપાસ હતા તે વન વિભાગ પાસે જ રેકર્ડ છે તેમ અંતમાં જણાવેલ છે.

---

### કોંગી અગ્રણી ટીકુભાઈ વરૂની રજુઆત

## જાફરાબાદ તાલુકાના વૃદ્ધ પેન્શન લાભાર્થીઓને ત્રણ મહિનાની પેન્શનની બાકી રકમ ચુકવવા માંગ

**જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરાઈ**

જાફરાબાદ,તા. ૨૯

જાફરાબાદ તાલુકામાં વૃદ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓને છેલ્લા ત્રણ મહિનાથી પેન્શનની ચૂકવણી કરવામાં આવી નથી જેને કારણે અનેક વૃદ્ધ નાગરિકોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે વૃદ્ધો પોતાની જીવન જરૂરિયાતો, દવા – સારવાર અને ઘરખર્ચ માટે મળતી પેન્શન ઉપર આધાર રાખી રહ્યા છે ત્યારે સમયસર પેન્શન ન મળતા તેમની હાલત મુશ્કેલીભરી બની છે.

જાફરાબાદ તાલુકાના વૃદ્ધ પેન્શન લાભાર્થીઓના પ્રશ્નને ધ્યાનમાં લઈ અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂ દ્વારા અમરેલી જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે વૃદ્ધોને મળવાપાત્ર છેલ્લા ત્રણ મહિનાની બાકી પેન્શનની રકમ તાત્કાલિક ચૂકવવામાં



આવે અને લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે વૃદ્ધ પેન્શન યોજના વૃદ્ધ નાગરિકો માટે આર્થિક આધાર સમાન છે. પેન્શનની ચુકવણીમાં વિલંબ થવાથી વૃદ્ધોને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલી પડી રહી છે. જેથી તંત્ર દ્વારા આ બાબતે તાત્કાલિક ધ્યાન આપી બાકી રહેલી પેન્શન ચૂકવવામાં આવે અને ભવિષ્યમાં પણ નિયમિત સમયસર પેન્શન મળે તેવી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખએ કલેકટર સમક્ષ વૃદ્ધ નાગરિકોના હિતમાં વહેલી તકે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

---

### ગુજકો મીલ પાછળ રહેતા આરોપી દ્વારા

## અમરેલી પાલિકાનાં કર્મચારી સામે ખોટી છેડતીની ફરિયાદ કરવાની ધમકી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૯

અમરેલીના માણેકપરામાં નારી હોસ્પિટલની બાજુમાં બ્લોક નં. ૧૦માં રહેતા અને નગરપાલિકા અમરેલીમાં ફરજ બજાવતા આનંદભાઈ ઉમેશભાઈ ઠાકર ગત તા. ૨૭ના રોજ બપોરના આશરે ચારથી પાંચ વાગ્યા દરમ્યાન પોતાની કાયદેસરની ફરજ બજાવતા હતા. ત્યારે સાવરકુંડલા રોડ, ગુજકોમીલ પાછળ નગરપાલિકા ડમ્પયાર્ડની પાછળ રહેતા આરોપી ચંદુભાઈ ગાગડીયાએ પોતાની ફરજમાં રૂકાવટ કરી, ખોટી છેડતીની ફરિયાદ કરવાની ધમકી આપી તથા નગરપાલિકાની ડોર–ટુ–ડોર કલેકશન વાહન નં. જી.જે.–૧૪ જી.એ.– ૧૩૮૫ તથા બીજા વાહન નં. જી.જે.–૧૪ જી.એ. ૧૨૬૯ ઉપર આરોપીઓએ પથ્થરમારો કરી આગળના કાચ ફોડી નાખી સરકારી વાહનને નુકસાન કરી તેમજ પાલિકાના કર્મચારીઓ ઉપર પથ્થરના ઘા કરી છરી લઈને પાછળ દોડી ગાળ આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING | ANM NURSING
MSC NURSING | GNM NURSING
PBBSC NURSING | BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245 | Bhavesh Vegda 93271 22692
















### સીએમ ભૂપેન્દ્ર પટેલની મોટી જાહેરાત

# ગુજરાતના ૫ જિલ્લામાં બનશે ૮ નવી સ્માર્ટ GIDC

## સ્થાનિક યુવાનો માટે ખુલશે રોજગારીના દ્વાર : સીએમ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતને વૈશ્વિક સ્તરે રોકાણ, સર્વાંગી વિકાસ અને રોજગાર ક્ષેત્રે વધુ અગ્રેસર તેમજ વિશ્વસનીય બનાવવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક ઐતિહાસિક જાહેરાત કરી છે. વડોદરા ખાતે યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ની ચોથી કડીમાં સંબોધન કરતા મુખ્યમંત્રીએ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ માટે માસ્ટર પ્લાન રજૂ કર્યો છે. જે અંતર્ગત રાજયના ૫ જિલ્લાઓમાં કુલ ૩૬૧૧ એકરના વિશાળ વિસ્તારમાં ૮ નવી સ્માર્ટ જીઆઈડીસી (GIDC) સ્થાપવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતો આ પ્રોજેક્ટ સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક મંચ પૂરો પાડશે.

સરકારના આયોજન મુજબ, આ નવી સ્માર્ટ જીઆઈડીસી ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લામાં આકાર લેશે. જેમાં ખેડા જિલ્લામાં સૌથી વધુ ચાર પૈંઢઝ બનશે. ખેડાના મહિજ, કઠલાલ તાલુકાના સરખેજ, મહુધા તાલુકાના મહિસા અને ગળતેશ્વર તાલુકાના અંઘાડી ખાતે નવા ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર ખાતે, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના ઊંડવા ખાતે અને ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના મોણપુર ખાતે આ નવીનતમ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવનાર છે.

જિલ્લાવાર જમીન ફાળવણીનું માળખું: આ મેગા પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના વિવિધ વિસ્તારોની કુલ ૩૬૧૧ એકર જમીન પર સ્માર્ટ એસ્ટેટ્સનું નિર્માણ થશે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

ભાવનગર (મોણપુર): સૌથી મોટા ૧૯૫૦.૭ એકરના વિશાળ વિસ્તારમાં

અમદાવાદ (માંડલ): ૫૧૫.૨ એકર વિસ્તારમાં

ખેડા (સરખેજ): ૩૩૨.૭ એકર વિસ્તારમાં

ખેડા (અંઘાડી): ૩૧૦.૯ એકર વિસ્તારમાં, છોટાઉદેપુર (ઉંડવા): ૨૪૭.૧ એકર વિસ્તારમાં, ખેડા (મહિજ): ૧૩૦.૩ એકર વિસ્તારમાં, પંચમહાલ (નદીસર): ૧૦૫.૫ એકર વિસ્તારમાં, ખેડા (મહિસા): ૧૮.૫ એકર વિસ્તારમાં તૈયાર કરાશે.

આ પણ વાંચો: અરજદારોના પ્રશ્નોને ગંભીરતાથી લઈ નિરાકરણ લાવો: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જિલ્લા અધિકારીઓને તાકીદ રાજ્ય સરકારની આ દીર્ઘદ્રષ્ટિવાળી પહેલનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો માટે પ્લગ-એન્ડ-પ્લે (Plug-and-Play) જેવી આધુનિક સુવિધાઓ સાથે સુવ્યવસ્થિત ઔદ્યોગિક વિસ્તારોનું નિર્માણ કરવાનો છે. તૈયાર અને સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળવાથી રોકાણકારોને ઉદ્યોગ શરૂ કરવામાં અત્યંત સાનુકૂળ વાતાવરણ મળશે.

આ આયોજનથી ખાસ કરીને મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ઔદ્યોગિક રોકાણોને વ્યાપક વેગ મળશે. આ પ્રકલ્પો દ્વારા નાના, મધ્યમ (MSME) અને મોટા (હેવી) ઉદ્યોગોને એક મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમ પ્રાપ્ત થવાથી સ્થાનિક ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે, અને હજારોની સંખ્યામાં સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. પરિણામે ગુજરાતનો આર્થિક વિકાસ નવી ઊંચાઈઓ સર કરશે.

### ઈરાને પીએમ મોદીને મોકલ્યું હતું આમંત્રણ

# ખામેનેઈની અંતિમ સફર:ભારત મોકલી રહ્યું છે પોતાના બે ખાસ દૂતો

## ભારત તરફથી બિહારના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્ય મંત્રી પબિત્રા માર્ગેરિટા હાજરી આપશે

નવી દિલ્હી, તા.૨૯

ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈની યાદમાં આયોજિત કાર્યક્રમોની શરૂઆત ૪ જુલાઈ ૨૦૨૬થી થશે. અહેવાલ મુજબ, આ અંતિમ સંસ્કાર કાર્યક્રમમાં સામેલ થવા માટે ભારત તરફથી બિહારના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્ય મંત્રી પબિત્રા માર્ગેરિટા હાજરી આપશે. ઈરાનના અનેક શહેરોમાં ૪ થી ૯ જુલાઈ સુધી અંતિમ સંસ્કારના કાર્યક્રમો યોજાવાના છે, જેમાં લાખો લોકો અને અનેક વિદેશી વીઆઈપી (VIP) મહેમાનો આવે તેવી શક્યતા છે.ઈરાને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અયાતુલ્લા અલી ખામેનેઈની રાજકીય અંતિમવિધિમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું હતું. ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર, ૪ અને ૫ જુલાઈએ તેહરાનના ઈમામ ખુમેની મોસાલા પ્રાર્થના હોલમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ ૬ અને ૭ જુલાઈએ રાજધાની તેહરાન અને મધ્ય ઈરાનના શહેર કોમ (Qom)માં અંતિમ યાત્રા કાઢવામાં આવશે. ત્યારપછી ૯ જુલાઈએ ઉત્તર-પૂર્વીય શહેર મશહદમાં અંતિમ સંસ્કારનો છેલ્લો કાર્યક્રમ યોજાશે. તે જ દિવસે દિવંગત નેતાના પાર્થિવ દેહને શિયા મુસ્લિમોના આઠમા ઈમામ, ઈમામ રઝાના પવિત્ર દરગાહ પરિસરમાં દફનાવવામાં આવશે.લાંબા સમય સુધી ઈરાનના સર્વોચ્ચ નેતા રહેલા ખામેનેઈનું ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલના એરસ્ટ્રાઈકમાં મોત થયું હતું. ત્યારબાદ માર્ચની શરૂઆતમાં તેમના પુત્ર મોઝતબા ખામેનેઈને ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. માર્ચ મહિનામાં ખામેનેઈના મોતને અમેરિકા અને ઈઝરાયેલ તરફથી કરવામાં આવેલા એક ઐતિહાસિક હુમલાનું પરિણામ ગણાવવામાં આવ્યું હતું. આ ઘટનાને ઈરાનમાં ૪૬ વર્ષ જૂના શિયા ધાર્મિક શાસન માટે એક મોટો ટર્નિંગ પોઈન્ટ માનવામાં આવી રહ્યો છે, જ્યારે તેહરાનની જવાબી કાર્યવાહી બાદ મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ) ના ઘણા હિસ્સાઓમાં તણાવ અને સંઘર્ષ વધી ગયો છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તે સમયે અયાતુલ્લા અલી ખામેનેઈના મોતની સત્તાવાર જાહેરાત કરી હતી. ખામેનેઈ ૮૬ વર્ષના હતા અને છેલ્લા ૩૬ વર્ષથી ઈરાન પર મજબૂત પકડ સાથે શાસન કરી રહ્યા હતા. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ સૂત્રોએ જણાવ્યું હતું કે, અમેરિકા-ઈઝરાયેલના આ હુમલામાં ખામેનેઈના ચાર નજીકના સંબંધીઓ પણ માર્યા ગયા હતા, જેમાં તેમની પુત્રી, એક પૌત્ર/દોહિત્ર અને તેમના જમાઈનો સમાવેશ થાય છે.

### કોઈ વિદેશી તાકાતના પ્રભાવમાં ન આવવું જોઈએ

# ટુકડે-ટુકડે ગેંગ વાળા Gen Z ન બની શકે : નીતિન નવીન

## ભારતના અસલી Gen Z તે છે જે પોતાનું કરિયર બનાવે છે અને સાથે-સાથે દેશના વિકાસમાં પણ યોગદાન આપે છે

હૈદરાબાદ, તા.૨૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને સોમવારે કહ્યું કે, ભારતના અસલી Gen Z તે છે જે પોતાનું કરિયર બનાવે છે અને સાથે-સાથે દેશના વિકાસમાં પણ યોગદાન આપે છે. જે લોકો સંવિધાન, સંસ્કૃતિ અને દેશની એકતા પર સવાલ ઉઠાવે છે, તેઓ અસલી Gen Z નથી. તેલંગાણાના ત્રણ દિવસના પ્રવાસે પહોંચેલા નીતિન નવીને હૈદરાબાદની એક એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતી વખતે આ વાત કહી. વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે કહ્યું કે, આજે વિશ્વભરમાં Gen Zની ઘણી ચર્ચા થાય છે, પરંતુ ભારતના યુવાનોની વિચારસરણી અને કાર્યપદ્ધતિ સાવ અલગ છે.નીતિન નવીને કોઈનું નામ લીધા વગર કહ્યું કે, ''ટુકડે-ટુકડે ગેંગ જેવી વિચારસરણી ધરાવનારા, દેશને વિભાજિત કરવાના નારા લગાવનારા અને ભારતના સંવિધાન, સંસ્કૃતિ તેમજ દેશની આત્મા પર સવાલ ઉઠાવનારા લોકો ભારતના યીહ ઢ નથી.'' તેમણે કહ્યું કે, ''ટુકડે-ટુકડે ગેંગવાળા Gen Z ના બની શકે.'' તેમણે આવા લોકોને ઓળખવાની અને યુવાનોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસોનો લોકતાંત્રિક રીતે જવાબ આપવાની અપીલ પણ કરી.

તેમણે કહ્યું કે, આજકાલ આખી દુનિયામાં Gen Zને લઈને ઘણી ચર્ચા થાય છે. ઘણા દેશમાં યુવાઓના આંદોલનોને Gen Z આંદોલન કહેવામાં આવે છે, પરંતુ ભારતના યુવાઓના વિચાર અને કાર્ય પદ્ધતિ સાવ અલગ છે. તેમણે કહ્યું કે, ભારતીય યુવાઓ વ્યવસ્થા વિરોધી નથી, પરંતુ દેશના નિર્માણ અને વિકાસમાં પોતાની ભૂમિકા ભજવવામાં માને છે.વિદ્યાર્થીઓને સંબોધિત કરતા ભાજપના અધ્યક્ષે કહ્યું કે, જે યુવાઓ સ્ટાર્ટઅપ શરૂ કરી રહ્યા છે, નવી ટેક્નોલોજી વિકસિત કરી રહ્યા છે, રમત-ગમતમાં દેશનું નામ રોશન કરી રહ્યા છે અને અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં યોગદાન આપી રહ્યા છે, તે જ ભારતના અસલી Gen Z છે. તેમણે કહ્યું કે, ભારતીય યુવાનો નવીનતા, ટેક્નોલોજી અને જ્ઞાનના દમ પર દેશને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી રહ્યા છે.તેમણે જમ્મુ-કાશ્મીરનું ઉદાહરણ આપતાં કહ્યું કે, એક સમયે ત્યાંના યુવાનોની ઓળખ પથ્થરમારો સાથે જોડાઈ ગઈ હતી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પરિસ્થિતિઓ બદલાઈ છે. હવે કાશ્મીરના યુવાનો રમતગમતમાં આગળ વધી રહ્યા છે અને રણજી ટ્રોફી જેવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે.નીતિન નવીને કહ્યું કે, લોકતંત્રમાં સરકારનો વિરોધ કરવાનો દરેક નાગરિકનો અધિકાર છે, પરંતુ આ વિરોધ સંવિધાનિક અને લોકતાંત્રિક રીતે જ હોવો જોઈએ, પરંતુ તેમણે કોઈ વિદેશી તાકાત કે ભડકાઉ વિચારધારાના પ્રભાવમાં ન આવવું જોઈએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારતીય યુવા પોતાની પ્રતિભા, નવીનતા અને સકારાત્મક વિચારસરણીના બળ પર વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### પ્રવાસીઓનો એક જ સવાલ, સિયા પોઇન્ટ ક્યાં છે?

# લોહાગઢ પર આવતા પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ થયેલો વધારો

## કેતન અગ્રવાલનો કેસ સામે આવ્યા બાદ અહીં સામાન્ય દિવસોમાં પણ લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે

પુણે, તા.૨૯

કેતન અગ્રવાલની ચર્ચા ફક્ત મહારાષ્ટ્ર જ નહીં પરંતુ આખા દેશમાં થઈ રહી છે. કેતનની ભાવિ પત્ની સિયા ગોયલ અને તેના બોયફ્રેન્ડ ચેતન ચૌધરીએ કેતનને પુણેના ખૂબ જ પ્રસિદ્ધ લોહાગઢ કિલ્લા પરથી ધક્કો મારીને હત્યા કરી નાખી હતી. આ કેસ ચર્ચામાં આવ્યા બાદ લોહાગઢ કિલ્લાની પણ ખૂબ જ ચર્ચા થઈ રહી છે. રસપ્રદ વાત એ છે કે કેતન અગ્રવાલની હત્યા બાદ આ કિલ્લા પર આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

કિલ્લાની એ ખાસ જગ્યા - કેતન અગ્રવાલની હત્યા બાદ કિલ્લામાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો તો થયો જ છે, તેની સાથે સાથે લોકોમાં એ જગ્યા જોવાની ઉત્સુકતા પણ વધી ગઈ છે જ્યાંથી કેતનને ધક્કો મારવામાં આવ્યો હતો. કિલ્લા પર આવતાની સાથે જ પ્રવાસીઓ ત્યાં હાજર અન્ય પ્રવાસીઓ અને સિક્યોરિટી ગાર્ડને એક જ સવાલ પૂછી રહ્યા છે કે, સિયાએ કેતનને ધક્કો માર્યો હતો એ જગ્યા કઈ છે? એ જગ્યાને લોકો હવે સિયા પોઈન્ટ તરીકે ઓળખવા લાગ્યા છે. સ્થાનિકોના દાવા પ્રમાણે કેતન અગ્રવાલની હત્યા બાદ અહીં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૨૫ ટકા જેટલો વધારો થઈ ગયો છે. રજાઓના દિવસોમાં ચાર-પાંચ હજાર લોકોની ભીડ - દર વર્ષે લોહાગઢ કિલ્લાને જોવા માટે લાખોની સંખ્યામાં લોકો આવે છે. સામાન્ય રીતે રજાઓના દિવસોમાં અહીં દરરોજ ચારથી પાંચ હજાર લોકોની ભીડ જોવા મળે છે. જોકે, કેતન અગ્રવાલનો કેસ સામે આવ્યા બાદ અહીં સામાન્ય દિવસોમાં પણ લોકોની એટલી જ ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને સિયા પોઈન્ટ પ્રત્યે લોકોનું આકર્ષણ ખૂબ જ વધ્યું છે.

લોહાગઢ વિસાપુર વિકાસ મંચના સચિન ટેકાવડેએ ગુસ્સો વ્યક્ત કરતા જણાવ્યું કે, "ઐતિહાસિક અને પવિત્ર એવા લોહાગઢ કિલ્લા પર હત્યાનો જે બનાવ બન્યો છે તે ખરેખર આઘાતજનક અને કમનસીબ વાત છે. જે રીતે લોહાગઢ કિલ્લા વિશે સોશિયલ મીડિયામાં મીમ્સ અને જોક્સ ફરતા થયા છે તે એનાથી પણ વધારે ખતરનાક છે."

૨૦૦૦ વર્ષ જૂનો ઈતિહાસ - લોહાગઢ કિલ્લો સહ્યાદ્રીની પહાડીઓમાં આવેલો છે, જેનો મતલબ લોખંડનો કિલ્લો એવો થાય છે. લોહાગઢ કિલ્લો પુણેના લોનાવાલા નજીક આવેલો છે. આ કિલ્લો ટ્રેકિંગ ડેસ્ટિનેશન તરીકે ખૂબ જ પ્રસિદ્ધ છે. કિલ્લો ૨૦૦૦ વર્ષ જૂનો ઈતિહાસ ધરાવે છે. કિલ્લાનો શરૂઆતી પાયો સાતવાહન કાળમાં નાખવામાં આવ્યો હતો, પણ લોહાગઢ કિલ્લાનો દબદબો મરાઠા સામ્રાજ્યના સંસ્થાપક અને સૌથી લોકપ્રિય શાસકોમાંથી એક એવા છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં વધ્યો હતો. શિવાજીના રાજમાં આ કિલ્લો રાજ્યના ડિફેન્સિવ નેટવર્કનો એક મહત્ત્વનો ભાગ બની ગયો હતો. લોહાગઢ કિલ્લો મહારાષ્ટ્રના માવલ વિસ્તારમાં આવેલો છે. આ લોનાવલાથી લગભગ ૧૧ કિ.મી. અને પુણેથી ૬૦ કિ.મી. દૂર છે. આ સ્મારક સુધી પહોંચવા માટે સૌથી સરળ માલવલી રેલવે સ્ટેશન છે.

### સ્થાનિક આદિવાસીઓનો ચોંકાવનારો દાવો

# ભારત ધીરે ધીરે અરૂણાચલ પ્રદેશ ગુમાવી રહ્યું છે!

## સ્થાનિક નાહ આદિવાસી સમુદાયે ફરિયાદ કરી છે કે છેલ્લા ૬ વર્ષમાં ચીને તેમની પૂર્વજોની ખેતીલાયક જમીન અને ગોચર ભૂમિ હડપી લીધી છે

ઈટાનગર, તા.૨૯

ભારત અને ચીન વચ્ચેના સરહદી વિવાદ વચ્ચે અરુણાચલ પ્રદેશના સરહદી વિસ્તારમાંથી એક અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. અરુણાચલ પ્રદેશના અપર સુબનસિરી જિલ્લામાં રહેતા સ્થાનિક નાહ આદિવાસી સમુદાયે દાવો કર્યો છે કે, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (LAC) પાસે ભારતીય જમીન પર મોટા પાયે ગેરકાયદેસર કબ્જો જમાવી રહી છે. આદિવાસી સંગઠન નાહ વેલ્ફેર સોસાયટી એ આ મામલે ગંભીર આક્ષેપો સાથે જિલ્લા પ્રશાસનને એક સત્તાવાર અરજી સોંપ્યું છે. અહેવાલ મુજબ, આદિવાસી સંગઠને આરોપ લગાવ્યો છે કે છેલ્લા ૬ વર્ષમાં ચીની સેનાએ તેમના પૂર્વજોની ખેતીલાયક જમીન અને પશુધનને ચરાવવા માટેની ગોચર ભૂમિના એક ખૂબ જ મોટા હિસ્સા પર ગેરકાયદે કબ્જો કરી લીધો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ચીન છેલ્લા ૧૦-૧૫ વર્ષથી આ વિસ્તારમાં ધીમે-ધીમે પગપેસારો કરી રહ્યું હતું, પરંતુ વર્ષ ૨૦૨૦ માં ગલવાન ખીણની હિંસક ઝડપ બાદથી ચીની સૈનિકોની આક્રમકતા અને આગળ વધવાની ઝડપ ખૂબ જ વધી ગઈ છે. સમુદાયે અપર સુબનસિરીના તાક્સિંગ ક્ષેત્ર હેઠળ આવતી પાંચ એવી જગ્યાઓની યાદી વહીવટીતંત્રને સોંપી છે, જ્યાં ૨૦૨૦ સુધી ભારતનું સંપૂર્ણ નિયંત્રણ હતું પરંતુ હવે ત્યાં ચીનની શંકાસ્પદ ગતિવિધિઓ વધી ગઈ છે. ઓયિંગઃ વ્યુહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ વિસ્તાર.

પોત્રંગઃ આ એક પવિત્ર તળાવ છે, જેને સ્થાનિક લોકો પવિત્ર તીર્થસ્થળ માને છે.

તિન્દિનતાંગઃ તાક્સિંગ હેડક્વાર્ટરની બિલકુલ નજીક આવેલો વિસ્તાર.

પનિઆર (ચુઝાર્ટા ક્ષેત્ર): સ્થાનિક આદિવાસીઓનો પરંપરાગત વિસ્તાર.

મરપન (મર્નાફે): જ્યાં ચીની સૈનિકોની સતત અવરજવર જોવા મળી છે.

નાહ વેલ્ફેર સોસાયટીના અધ્યક્ષ કેરુ ચાદરે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, "અમને અમારી ભારતીય સેના પર પૂરો ભરોસો છે અને તેઓ વર્ષોથી અમારી જમીનની રક્ષા કરી રહ્યા છે, પરંતુ ચીનની પીએલએ (PLA) જે વીજળીની ઝડપે આગળ વધી રહી છે તે જોતાં આ પ્રયાસો પૂરતા સાબિત નથી થઈ રહ્યા. અમે દરરોજ ઈંચ-દર-ઈંચ અમારી માતૃભૂમિ ચીનના હાથે ગુમાવી રહ્યા છીએ. ચીની સેનાએ ભારતીય સરહદની અંદર પાકા રસ્તાઓ અને પોતાના મિલિટ્રી કેમ્પ પણ બનાવી લીધા છે."

આ ગંભીર મુદ્દે નાચો વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય નાકાપ નાલોએ પણ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, આ સીધો દેશની સુરક્ષા અને સંપ્રભુતા સાથે જોડાયેલો મામલો છે, તેથી જિલ્લા પ્રશાસન અને સેનાએ આ આરોપોની સત્તાવાર પુષ્ટિ કરવી જોઈએ. જો કે, આ અહેવાલ પર હજી સુધી અરુણાચલ પ્રદેશ સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે ચીન હંમેશા અરુણાચલ પ્રદેશને ભારતનો ભાગ માનવાનો ઈનકાર કરીને તેને ઝાગનાન (દક્ષિણ તિબેટ) તરીકે ઓળખાવે છે અને અવારનવાર નકશા બદલવા કે સ્ટેપલ વિઝા આપવા જેવી હરકતો કરતું રહે છે. જો કે ભારતે દર વખતે મક્કમતાથી સ્પષ્ટ કર્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે.

### રામ મંદિર દાન ચોરી

# ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવને અયોધ્યા છોડવાનું અલ્ટીમેટમ

## વકીલોની માગ છે કે ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ વિરુદ્ધ પણ FIR દાખલ કરવામાં આવે

અયોધ્યા, તા.૨૯

રામ મંદિરમાં દાન ચોરી મામલાને લઈ લોકોમાં ભયંકર ગુસ્સો ફાટી નીકળ્યો છે. આ દરમ્યાન ફૈઝાબાદ બાર એસોસિએશનની બેઠકમાં મોટો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંતર્ગત કોઈ પણ વકીલ રામ મંદિર દાન ચોરીના આરોપીઓનો કેસ લડશે નહીં. જો કોઈ વકીલ આ કેસને હાથમાં લેશે તો બાર એસોસિએશનમાંથી તેને બહાર કરી દેવામાં આવશે. સાથે જ તેના પર પાંચ લાખનો દંડ પણ લગાવશે. આ ઉપરાંત વકીલોએ ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવને ત્રણ દિવસની અંદર અયોધ્યા છોડવાની ચેતવણી પણ આપી દીધી છે. વકીલોએ કહ્યું કે જો આવું નહીં થાય તો તેઓ અયોધ્યા જામ કરશે. આ ઉપરાંત વકીલોની માગ છે કે ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ વિરુદ્ધ પણ FIR દાખલ કરવામાં આવે. સાથે જ વકીલોએ કહ્યું કે તેઓ આ સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માગ કરી રહ્યા છે.કલિકા પ્રસાદ મિશ્રાએ નિવેદન જાહેર કરતા કહ્યું કે, અધિવક્તા સંઘે નિર્ણય લીધો છે કે આ કેસના આરોપીઓનો કેસ સંઘના કોઈ પણ વકીલ હાથમાં લેશે નહીં. તેમાં સરકારી, નામિત અને ખાનગી તમામ વકીલ સામેલ હશે. જો કોઈ વકીલ આરોપીઓનો કેસ લડવા માગશે તો તેમને સંઘને આવેદન આપવું પડશે અને પ્રતિ આરોપીદીઠ ૫ લાખની સહયોગી રાશી જમા કરાવવી પડશે. તેમના અનુસાર, આ રકમનો ઉપયોગ અભિયોજન (Prosecution) પક્ષના કેસ લડવા માટે થશે.તેમણે કહ્યું કે, આ મામલામાં સીબીઆઈ તપાસ કરે તેવી માગ કરાઈ છે. જો ઈલાહાબાદ હાઈકોર્ટમાં પેન્ડિંગ અરજી પર CBI તપાસના આદેશ નહીં મળે તો અધિવક્તા સંઘ આ માગને લઈ હાઈકોર્ટમાં જશે અને જરૂર પડશે તો સુપ્રીમ કોર્ટમાં પણ જશે. બાર એસોસિએશનના અધ્યક્ષે કહ્યું કે ચંપત રાય, ગોપાલ રાવ અને અનિલ મિશ્રા વિરુદ્ધ FIR નોંધાવવામાં આવે. તેમના જણાવ્યા અનુસાર, પહેલા પોલીસમાં રિપોર્ટ નોંધવાનો પ્રયાસ થશે. જો અહીં રિપોર્ટ નહીં નોંધાય તો કોર્ટમાં જશે અને કાનૂની પ્રક્રિયા અંતર્ગત અંતિમ સ્તર સુધી આગળની લડાઈ લડવામાં આવશે.

### મંત્રીમંડળમાં ફેરફારની તૈયારી

# ધર્મેન્દ્ર શિક્ષણ, નિર્મલા નાણાં ખાતું ગુમાવી શકે

નવી દિલ્હી, તા.૨૯

નીટ-યુજી પરીક્ષાના પેપર લીકને લઈને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ ઉઠી રહી છે. એવામાં કેન્દ્રની મોદી સરકાર પોતાના મંત્રીમંડળમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. એવા અહેવાલો છે કે ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી શિક્ષણ મંત્રાલય લઈ લેવામાં આવી શકે છે. જ્યારે નિર્મલા સિતારામનના સ્થાને અન્યને નાણાં મંત્રાલય સોંપવામાં આવી શકે છે. મોદી સરકારની કેટલીક નીતિઓ સામે ખુલ્લીને વાત કરનારા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીનું મંત્રાલય પણ બદલાઈ શકે છે.૨૧ જુલાઈ આસપાસ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થઈ શકે છે, આ સત્ર પહેલા જ મોદી સરકાર મંત્રીમંડળમાં મોટા ફેરફાર કરવા જઈ રહી હોવાના અહેવાલો છે. કેટલાક કેબિનેટ મંત્રીઓને ભાજપમાં સંગઠનની જવાબદારી સોંપવામાં આવશે અને તેમના સ્થાને યુવા નેતાઓને મંત્રી બનાવવામાં આવી શકે છે. જે પણ નેતાઓ પાસેથી તેમનું વર્તમાન મંત્રાલય લઈ લેવામાં આવી શકે છે તેમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન, શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને હાઈવે ટ્રાન્સપોર્ટ મંત્રી નિતિન ગડકરીનો પણ સમાવેશ થઈ શકે છે. આગામી બેથી ત્રણ દિવસમાં જ મહત્વની બેઠક મળશે જેમાં આ નિર્ણયો લેવામાં આવશે તેવા અહેવાલો છે. આગામી વર્ષે પંજાબ, ઉત્તર પ્રદેશ, હિમાચલ, ઉત્તરાખંડ, મણિપુર અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, એવામાં પંજાબને મંત્રીમંડળમાં વિશેષ ધ્યાનમાં રાખવામાં આવી શકે છે. હાલમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી છે તેમના સ્થાને પંજાબના અન્ય કોઈ કદ્દાવર શીખને મંત્રી બનાવવામાં આવી શકે છે. આ યાદીમાં સૌથી ચર્ચાસ્પદ નામ આપમાંથી ભાજપમાં ગયેલા રાઘવ ચઢ્ઢાનું છે જેઓ હાલ પંજાબમાં સક્રિય છે અને પોતાની પૂર્વ પાર્ટી આપની ભગવંત માન સરકારની ટીકા કરી રહ્યા છે. અન્ય એક મોટો ફેરફાર પક્ષ કે રાજકારણ બહારની વ્યક્તિને સામેલ કરવાનો હોઈ શકે છે. જેમાં આરબીઆઈના પૂર્વ ગવર્નર અને હાલમાં પીએમ મોદીના મુખ્ય સચિવ શક્તિકાંત દાસનો સમાવેશ થઈ શકે છે. તેમને કેબિનેટમાં કોઈ મોટું સ્થાન આપવામાં આવી શકે છે. આર્થિક બાબતે તેમનું યોગદાન જોઈને નાણા મંત્રાલય આપવામાં આવી શકે છે. સહયોગી પક્ષો જેમ કે જદ(યુ)માંથી બિહારના પૂર્વ સીએમ નિતિશ કુમાર, મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે, મમતાના પક્ષ તૃણમુલ કોંગ્રેસને છોડનારા સુખેંદુ શેખર રાય જેવા બળવાખોર નેતાઓને પણ મહત્વ આપવામાં આવી શકે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### હવામાન વિભાગે જાહેર કર્યું ઓરેન્જ એલર્ટ

# મુંબઈમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારમાં ભરાયા પાણી

## મુંબઈમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે નીચાણવાળા વિસ્તારો અને સબવેમાં પાણી ભરાઈ ગયા

મુંબઈ, તા.૨૯

મુંબઈમાં મોડી રાત્રે મુશળધાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે નીચાણવાળા વિસ્તારો અને સબવેમાં પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાતા ટ્રાફિકની રફતાર ધીમી પડી ગઈ છે. સાથે જ અમુક સ્થળોએ લોકલ ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ છે. મુંબઈના વાશી વિસ્તારમાં રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. જેના કારણે લોકોને હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. અંધેરી વિસ્તારમાં સબવેમાં પાણી ભરાઈ જતા ટ્રાફિકને ડાયવર્ટ કરવો પડ્યો હતો. તો પનવેલ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. જ્યા રસ્તાઓ બેટમાં ફેરવાયા હતા. હાલ મુંબઈમાં વરસાદ રોકાયો છે અને મોટાભાગના સ્થળોએથી પાણી ઓસરી ગયા છે. મુંબઈમાં આજે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. તો આ તરફ ભિવંડીમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે ભિવંડીના રસ્તાઓ જળમગ્ન થઈ ગયા હતા. મુખ્ય બજારમાં તો દુકાનોમાં પાણી ઘૂસી જતા વેપારીઓને નુકસાન થયું છે. તીનબત્તી, ભાજી માર્કેટ, નિઝામપુરા, આમપાડા, ખંડૂપાડા રોડ, વંજારપટ્ટી સહિત અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સોસાયટીઓમાં પણ પાણી ભરાઈ જતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું મુંબઈમાં ભારે વરસાદને કારણે શહેરના ઘણા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા છે, વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને લોકોને ઘરની બહાર નીકળવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અંધેરી સબવે (અંડરપાસ) માં પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર બંધ કરાયો છે. રાતભર પડેલા ધોધમાર વરસાદથી અંધેરી, બાંદ્રા, ખાર, મલાડ, ગોરેગાંવ, જુહુ અને વર્સોવા જેવા વિસ્તારો ખાસ કરીને પ્રભાવિત થયા છે. પૂરને કારણે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક પણ ધીમો પડી ગયો છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ના જણાવ્યા અનુસાર, અંધેરી સબવે પાણીથી ભરાઈ ગયો છે, જેના કારણે તેને બંધ કરવો પડ્યો છે. હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ૨૯ જૂને શહેરમાં વરસાદ, ભારે પવન અને વાવાઝોડા સહિત પ્રતિકૂળ હવામાનનો અનુભવ થવાની ધારણા છે. નોંધનીય છે કે અંધેરી સબવે મુંબઈનો એક મુખ્ય માર્ગ છે જે પૂર્વ અને પશ્ચિમને જોડે છે. દરરોજ હજારો વાહનો અને લોકો તેમાંથી પસાર થાય છે. ચોમાસાના વરસાદ દરમિયાન અંધેરી સબવેમાં પાણી ભરાવાની સમસ્યા જૂની છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં અનેક સ્થળોએ ભારે પાણી ભરાઈ ગયા છે. કોઈપણ અનિચ્છનીય ઘટના કે અકસ્માત ન થાય તે માટે સબવેની બહાર પોલીસ તૈનાત કરવામાં આવી છે.

### સંકટમાંથી બહાર નીકળ્યુ ભારત

# દેશમાં LPG ઉત્પાદન ૫૪% વધ્યું, અમેરિકાથી આવ્યો વધારાનો ગેસ

## કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતના ૧૨ LPG જહાજો ટોલ વિના પસાર થયા

નવી દિલ્હી, તા.૨૯

હોર્મુઝ સ્ટ્રેટમાં હવે સ્થિતિ સામાન્ય થઈ રહી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું કે, ભારતના ૧૨ એલપીજી (LPG) જહાજોએ કોઈ પણ ટોલ આપ્યા વિના હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું છે. આ સાથે જ, એલપીજી એટલે કે, રાંધણ ગેસનું ઉત્પાદન વધારવા માટે રિફાઈનરીઓમાં ઝડપથી ફેરફારો કરવામાં આવ્યા હતા. આ નવતર ઉપાયોએ દેશને આધુનિક ઈતિહાસના સૌથી મોટા ઉર્જા પુરવઠાના અવરોધ સામે લડવામાં મદદ કરી છે.ફેબ્રુઆરીમાં ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા બાદ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર સંકટ આવી ગયું હતું. ચાર મહિના સુધી હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેવાને કારણે ઊભા થયેલા પડકારોનો ઉલ્લેખ કરતા પુરીએ જણાવ્યું કે, સરકારે કોઈપણ અડચણ વિના ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોને આ વિક્ષેપની અસરથી બચાવવા માટે અનેક કટોકટીના પગલાં લીધાં હતાં.

કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે, જે રિફાઈનરીઓમાં અગાઉ ક્યારેય રાંધણ ગેસનું ઉત્પાદન થતું ન હતું, તેમાં ઉત્પાદન વધારવા માટે માત્ર થોડા જ દિવસોમાં ટેકનિકલ ફેરફારો કરવામાં આવ્યા હતા. તેનું પરિણામ એ આવ્યું કે, એલપીજીનું ઉત્પાદન ૩૫ હજાર મેટ્રિક ટન (TMT) પ્રતિ દિવસથી વધીને ૫૪ TMT પ્રતિ દિવસ થઈ ગયું. એટલે કે તેમાં સીધો ૫૪ ટકાનો વધારો નોંધાયો છે.મંત્રી હરદિપસિંહ પુરીએ જણાવ્યું કે, ભારતે ક્રૂડ ઓઈલની આયાતના સ્ત્રોતોમાં વિવિધતા લાવીને, એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરીને અને અનેક દેશોમાંથી એલપીજીનો વૈકલ્પિક સપ્લાય સુનિશ્ચિત કરીને સ્થાનિક ગ્રાહકોને ગેસની અછતથી બચાવ્યા છે. સરકારના આ નીતિવિષયક પગલાંને કારણે વૈશ્વિક ઉર્જા સંકટ હોવા છતાં દેશમાં રાંધણ ગેસ અને ઈંધણનો પુરવઠો સ્થિર રહ્યો. ભારતે અલ્જીરિયા, જાપાન અને કેનેડા જેવા દેશો સાથે એલપીજી સપ્લાય માટે નવી વ્યવસ્થાઓ કરી. સાથે જ દેશની સ્થાનિક માંગને પૂરી કરવા માટે અમેરિકા પાસેથી વધારાનો જથ્થો પણ મેળવ્યો હતો સંકટના આ સમયગાળા દરમિયાન સરકાર દ્વારા લેવાયેલા પગલાંમાં માર્ચ મહિનામાં ઈંધણ પર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીમાં રૂપિયા ૧૦ પ્રતિ લીટરનો ઘટાડો પણ સામેલ હતો. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, ઘરો સુધી પહોંચતા રાંધણ ગેસની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી હતી, અને કાળાબજારી કરનારાઓ દ્વારા આ કિંમતી સપ્લાયની ઉથલપાથલ રોકવા માટે ડિજિટલ ઓથેન્ટિકેશન કોડ અનિવાર્ય કરવામાં આવ્યો હતો.

### પુરુષ ટીમે જોવી પડશે રાહ

# ભારતીય મહિલા ટીમની ૨૦૨૮ ઓલિમ્પિકમાં એન્ટ્રી

## ICC અને IOCએ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ ૨૦૨૮માં ક્રિકેટની વાપસી માટે ક્વોલિફિકેશન નિયમો જાહેર કર્યા છે

નવી દિલ્હી, તા.૨૯

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)એ લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિકમાં ક્રિકેટની વાપસી માટે ક્વોલિફિકેશન નિયમો જાહેર કર્યા છે. ICC અને IOCએ સાથે મળીને LA28 ગેમ્સમાં ક્રિકેટમાં ભાગ લેવા માટે ટીમોની પસંદગી કરવાની પ્રક્રિયા સ્પષ્ટ કરી છે. વધુમાં ટીમોને ક્વોલિફાય થવાની એક અંતિમ તક આપવા માટે પ્રથમ વખત એક ખાસ ઓલિમ્પિક ક્વોલિફાયર ટુર્નામેન્ટ યોજાશે.૧૨૮ વર્ષ પછી ક્રિકેટની ઓલિમ્પિકમાં વાપસી થઈ રહી છે. તેથી ક્રિકેટનો ખરો ઉત્સાહ ૨૦૨૮માં અમેરિકાના લોસ એન્જલસમાં યોજાનાર ઓલિમ્પિક ગેમ્સમાં જોવા મળશે. આ ઐતિહાસિક ટુર્નામેન્ટની બધી મેચ T20 ફોર્મેટમાં રમાશે. આ ઓલિમ્પિકમાં વિશ્વભરમાંથી ફક્ત ૬ પુરુષ ટીમો અને ૬ મહિલા ટીમોને જ ભાગ લેવાની તક મળશે.સૌથી સારી વાત એ છે કે એશિયા, આફ્રિકા, યુરોપ અને ઓશનિયા જેવા વિવિધ ખંડોની ટીમો રમવાનું કન્ફર્મ છે. આનો અર્થ એ છે કે વિશ્વના દરેક ખૂણાના ક્રિકેટ ચાહકો તેમની મનપસંદ ટીમોને ઓલિમ્પિક મેડલ માટે એકબીજા સામે સ્પર્ધા કરતી જોઈ શકશે.ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ICC મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬ના આધારે ઓલિમ્પિકમાં ક્વોલિફાય કરી લીધું છે. ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ગ્રેટ બ્રિટન અને દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમોએ પણ ક્વોલિફાય કર્યું છે. જો કે, ભારત ચાલુ મહિલા વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચ્યું નહોતું. પુરુષોની ક્રિકેટ ટીમો માટે રેકિંગ નિર્ણાયક રહેશે. ભારતીય પુરુષ ટીમે છ મહિના રાહ જોવી પડશે. કટ-ઓફ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. સીધા ક્વોલિફાય થવા માટે ભારતને આ વર્ષના અંત સુધીમાં ICC T20 રેકિંગમાં ટોચની ક્રમાંકિત એશિયન ટીમ બનવું જરૂરી છે. ભારતીય પુરુષોની ટીમને તાજેતરમાં બે મેચની T20 શ્રેણીમાં આયર્લેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

યજમાન રાષ્ટ્ર તરીકે અમેરિકાની પુરુષ અને મહિલા ટીમો ઓલિમ્પિક ક્રિકેટ ટુર્નામેન્ટમાં સીધી પ્રવેશ મેળવી શકે છે, જે ચોક્કસ શરતને આધીન છે. તેઓએ ૩૦ જૂન, ૨૦૨૬ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ વચ્ચે ICC T20 રેક્ંિગમાં વિશ્વની ટોચની ૧૫ ટીમોમાં સ્થાન મેળવવું જરૂરી છે. જો આ સમયગાળા દરમિયાન યુએસ ટીમો ટોપ-૧૫માં સ્થાન મેળવવામાં નિષ્ફળ જાય, તો તેમને સીધો પ્રવેશ મળશે નહીં અને સ્થાન આગામી શ્રેષ્ઠ ક્રમાંકિત ટીમને આપવામાં આવશે.

વેસ્ટ ઈન્ડીઝ એક દેશ નથી પરંતુ ઘણા નાના કેરેબિયન રાષ્ટ્રોનું પ્રતિનિધિત્વ કરતી સંયુક્ત ટીમ છે. કારણ કે ફક્ત એક જ દેશનું પ્રતિનિધિત્વ કરતી ટીમો ઓલિમ્પિકમાં ભાગ લઈ શકે છે, તેથી વેસ્ટ ઈન્ડીઝ નામથી સ્પર્ધા કરતી ટીમ અયોગ્ય છે. આને માટે એક ખાસ નિયમ સ્થાપિત કરવામાં આવ્યો છે. જો વેસ્ટ ઈન્ડીઝની ટીમ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં વિશ્વની ટોપ-૮માં રહે છે, તો તે તમામ કેરેબિયન દેશો વચ્ચે એક અલગ ટુર્નામેન્ટ યોજવામાં આવશે. આ ટુર્નામેન્ટના વિજેતાને ઓલિમ્પિક ક્વોલિફાયર મેચોમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે. ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ પાંચ ટીમો ICC પુરુષોના રેક્ંિગ અને ચાલુ ટુર્નામેન્ટમાં પ્રદર્શનના આધારે નક્કી કરવામાં આવશે. જોકે, છઠ્ઠી અને અંતિમ ટીમ પસંદ કરવા માટે ૨૦૨૭માં એક ખાસ ICC ઓલિમ્પિક ક્વોલિફાયર ટુર્નામેન્ટ યોજાશે. આ ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમો ભાગ લેશે અને વિજેતાને ઓલિમ્પિકમાં ટિકિટ મળશે.

### મહારાષ્ટ્ર સુધી લંબાયા મોતના કૌભાંડના તાર

# અમદાવાદમાં ઝડપાયેલા બ્લડ પ્લાઝમા ભેળસેળવાળા હોવાનો ખુલાસો

## આરોપી આ નબળી ગુણવત્તાવાળું બ્લડ મહારાષ્ટ્રની વિવિધ બ્લડ બેંકોમાં સપ્લાય કરતો હતા

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ ગ્રામ્ય પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG) દ્વારા ઝડપાયેલા બ્લડ પ્લાઝમા કૌભાંડમાં મોટો ખુલાસો થયો છે. SOGના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી દિનેશ ચૌધરી પાસેથી જપ્ત કરવામાં આવેલા બ્લડ યુનિટ્સ સાથે છેડછાડ કરવામાં આવી હોવાની પુષ્ટિ થઈ છે. બી.જે. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે, આ બ્લડ નિર્ધારિત સ્ટાન્ડર્ડ (ધોરણો) મુજબનું નથી અને તેની નબળી ગુણવત્તા માનવ જીવન માટે અત્યંત જોખમી છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા હવે જપ્ત કરાયેલા તમામ બ્લડનો સાયન્ટિફિક રીતે નાશ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.આ કેસની તપાસમાં એક ચોંકાવનારી હકીકત એ સામે આવી છે કે, આરોપી આ નબળી ગુણવત્તાવાળું બ્લડ મહારાષ્ટ્રની વિવિધ બ્લડ બેંકોમાં સપ્લાય કરતો હતો. હાલમાં મહારાષ્ટ્રની આશરે ૮ જેટલી બ્લડ બેંકો અને તેના સંચાલકો પોલીસ તપાસના ઘેરામાં આવ્યા છે; જેમાં વાશિમ, અહમદનગર, ધૂલે, નાશિક, ભુસાવલ, છત્રપતિ સંભાજીનગર અને જાલનાની બ્લડ બેંકોનો સમાવેશ થાય છે અને ત્યાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે. જોકે, આ સમગ્ર પ્રકરણમાં રાહતની વાત એ છે કે, અત્યાર સુધીની તપાસમાં ગુજરાતની કોઈપણ હોસ્પિટલ કે બ્લડ બેંકમાં આ જોખમી બ્લડ સપ્લાય થયું હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું નથી. આ આંતરરાજ્ય કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે હવે FSL, ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન અને આરોગ્ય વિભાગની ટીમો પણ તપાસમાં જોડાઈ છે. તપાસ એજન્સીઓ દ્વારા બ્લડ બેંક શરૂ કરવાની પ્રક્રિયા, કાયદાકીય મંજૂરીઓ તેમજ બ્લડના ખરીદ-વેચાણના નિયમોનું કેટલું પાલન થયું છે તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, આરોપીઓએ અન્ય કઈ કઈ કંપનીઓ કે સંસ્થાઓમાં આ બ્લડ પહોંચાડ્યું છે તે દિશામાં પણ ઊંડી તપાસ ચાલી રહી છે.મહત્વનું છે કે ૨૩ જૂનના રોજ ચાંગોદર બાજુ એક ભાડાના મકાનમાં નકલી પ્લાઝમા બનાવવાનું નેટવર્ક ચાલી રહ્યું છે તેબાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને રેડ પાડી હતી, જ્યાંથી નકલી પ્લાઝમા બનાવવાનું મટીરીયલ મળી આવ્યું હતું. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ દરમિયાન મુખ્ય સૂત્રધાર દિનેશ ચૌધરી (ધાનેરા), મોહન ગાયકવાડ (મહારાષ્ટ્ર), રફીક (ધોળકા) અને જીતેન્દ્ર સોલંકી (ધોળકા)ને પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા ૧૧,૦૦,૦૦૦ની કિંમતના ૧૧૫૦ બ્લડ પ્લાઝમા યુનિટ, એક ડીપ ફ્રીઝર, કેમિકલ બોટલ્સ, સીલિંગ મશીન, ૩૪ ખાલી પ્લાઝમા બેગ અને ટ્રાન્સપોર્ટેશન માટે વપરાતું એક વાહન સહિત કુલ રૂપિયા ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો આ ગેંગ છેલ્લા છ મહિનાથી આ નેટવર્ક ચલાવતી હતી. તેઓ ડ્રાઈવર અને ખલાસીની મદદથી ટ્રાન્સપોર્ટેશન વખતે ઓરિજનલ પ્લાઝમાની બેગો કાઢી લેતા અને તેને નકલી પ્લાઝમા જે પ્રાથમિક તપાસમાં સલાઈન વોટર જેવું હોવાનું જણાયું છે તેને બદલી નાખતા હતા. ત્યારબાદ તેઓ ચોરેલો ઓરિજનલ પ્લાઝમા બજારભાવ કરતા ૫૦% ઓછી કિંમતે ફરીથી બ્લડ બેંકોમાં વેચી મારતા હતા. આ પ્લાઝમાનો ઉપયોગ ફાર્મા ઈન્ડસ્ટ્રીમાં એન્ટી કેન્સર ડ્રગ્સ બનાવવા માટે થાય છે, અને હિમોફિલિયા તેમજ એન્ટી ઈમ્યુન ડિસઓર્ડર ધરાવતા દર્દીઓને તે સીધો પણ ચડાવવામાં આવે છે. વળી, તેઓ ચોરેલો અસલી પ્લાઝમા પણ પ્રોટોકોલ મુજબ -૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાને રાખવાને બદલે સામાન્ય આઈસ બોક્સમાં રાખતા હોવાથી તે બગડી જતો હતો અને દર્દીઓ માટે જોખમી બની જતો હતો.બ્લડ પ્લાઝમા એ માનવ લોહીનો અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટક છે. ફાર્મા ઈન્ડસ્ટ્રીમાં તેનો ઉપયોગ ઈમ્યુનોગ્લોબ્યુલિન, આલ્બ્યુમિન અને ક્લોટિંગ ફેક્ટર જેવા જરૂરી ઘટકો એટલે કે એન્ટી કેન્સર ડ્રગ્સ (કેન્સર વિરોધી દવાઓ) બનાવવા માટે થાય છે. આ ઉપરાંત, હિમોફિલિયા અને એન્ટી-ઈમ્યુન ડિસઓર્ડર (રોગપ્રતિકારક શક્તિની ખામી) ધરાવતા દર્દીઓને સારવાર માટે આ પ્લાઝમા સીધો જ ચડાવવામાં આવે છે.

### સંસદીય બુલેટિન જાહેર

# કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ફરી બન્યા રાજ્યસભામાં વિપક્ષના નેતા

## કર્ણાટકથી રાજ્યસભામાં પુનઃ ચૂંટાયા બાદ સોમવારે તેમણે શપથ લીધા : ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને તેમને શપથ લેવડાવ્યા

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ફરી રાજ્યસભામાં વિપક્ષના નેતા બન્યા છે. ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ તેમનો કાર્યકાળ પૂરો થતા તેઓ ટેકનિકલી પદ પરથી હટ્યા હતા. કર્ણાટકથી રાજ્યસભામાં પુનઃ ચૂંટાયા બાદ સોમવારે તેમણે શપથ લીધા. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને તેમને શપથ લેવડાવ્યા. સંસદના આગામી ચોમાસુ સત્ર પહેલા આ ઘટનાક્રમ મહત્વનો છે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ફરી એકવાર રાજ્યસભામાં વિપક્ષના નેતા બની ગયા છે. ૨૫ જૂન ૨૦૨૬ના રોજ તેમનો કાર્યકાળ પૂરો થતાં તેઓ ટેકનિકલી આ પદ પરથી હટી ગયા હતા. જોકે, કર્ણાટકથી રાજ્યસભામાં પુનઃ ચૂંટાયા બાદ સોમવારે તેમણે સભ્ય તરીકે શપથ લીધા હતા, જે સાથે જ સત્તાવાર રીતે તેમને ફરી આ જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્યસભાના મહાસચિવ પી.સી.મોદી દ્વારા જાહેર કરાયેલા સંસદીય બુલેટિન અનુસાર, ખડગેને ૨૬ જૂન-૨૦૨૬થી રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે ફરી માનયતા આપવામાં આવી છે.

ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ સીપી રાધાકૃષ્ણને મલ્લિકાર્જુન ખડગેને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. શપથ ગ્રહણ સાથે જ તેમણે ઉચ્ચ સદનમાં વિપક્ષના નેતા તરીકેની પોતાની જવાબદારીઓ ઔપચારિક રીતે સંભાળી લીધી છે.સંસદના આગામી ચોમાસુ સત્ર પહેલા આ ઘટનાક્રમ ઘણો મહત્વનો માનવામાં આવે છે. ખડગેએ આ પદને ગર્વ અને મોટી જવાબદારી ગણાવતા 'ઈન્ડિયા' બ્લોકના તમામ વિપક્ષી પક્ષોનો આભાર માન્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી સત્રમાં વિપક્ષ વધુ સારા તાલમેલ સાથે જનતાના મુદ્દાઓ ઉઠાવશે.

### વેપારમાં૭૦%નોકડાકો!

# પેટ્રોલ-ડીઝલ બાદ હવે કઠોળ અને અનાજમાં ૧૫% સુધીનો ભાવવધારો

## પરિવહન ખર્ચ વધવાના કારણે અને પાકમાં ઘટાડાના પગલે હવે રાજ્યમાં કઠોળ, દાળ અને અનાજના ભાવમાં તોતિંગ વધારો

સુરત, તા.૨૯

પેટ્રોલ અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવોની સીધી અસર હવે સામાન્ય માણસની થાળી પર જોવા મળી રહી છે. પરિવહન ખર્ચ (ટ્રાન્સપોર્ટ ભાડું) વધવાને કારણે અને પાકના ઉત્પાદનમાં થયેલા ઘટાડાને લીધે સુરત સહિત સમગ્ર રાજયમાં કઠોળ, દાળ અને અનાજના ભાવમાં ૧૨ થી ૧૫ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. જેના કારણે ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

જીવનજરૂરી ચીજવસ્તુઓમાં કિલો દીઠ થયેલો ભાવવધારો

બજારના વેપારીના જણાવ્યા અનુસાર, રોજિંદા વપરાશની વસ્તુઓમાં નોંધપાત્ર વધારો ઝીંકાયો છે

પહેલા ૨૮ રૂપિયા કિલો ના ભાવે મળતા ઘઉં હાલ ૩૨ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે.

પહેલા ૪૦ રૂપિયા કિલોના ભાવે મળતા ચોખા હાલ ૫૨ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યા છે

પહેલા ૮૬ રૂપિયાના ભાવે વેચાતી તુવેર હાલ ૯૧ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છે

પહેલા ૨૬ રૂપિયાના ભાવે વેચાતી બાજરી હાલ ૨૯ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છે

પહેલા ૨૬.૫૦ રૂપિયાના ભાવે વેચાતી જુવાર હાલ ૨૮ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છે

પહેલા ૪૨ રૂપિયાના ભાવે વેચાતી ખાંડ હાલ ૪૪ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છ

છેલ્લા એક મહિના તેલના ભાવમાં ૩૦ રૂપિયા નો વધારો નોંધાયો છે આ સિવાય ખાંડ અને બાજરી સહિતની અન્ય વસ્તુઓ પણ મોંઘી થઈ છે.

આ અસહ્ય મોંઘવારીના કારણે કઠોળ અને અનાજના વેપાર પર ખૂબ જ માઠી અસર પડી છે. ગ્રાહકોની ખરીદશક્તિ ઘટતા બજારમાં ભારે મંદી જોવા મળી રહી છે.વેપારીઓ પણ ભારે વ્યથા અનુભવી રહ્યા છે. જે વેપારીઓની દુકાનેથી અગાઉ દિવસ દરમિયાન ૧૦૦ થી વધુ અનાજની બોરીઓનું વેચાણ થતું હતું, ત્યાં હવે માંડ ૨૦ થી ૨૫ બોરીઓ વેચાઈ રહી છે. ખરીદીમાં સીધો ૭૦% નો ઘટાડો નોંધાયો છે.

મોંઘવારીથી ત્રસ્ત લોકો હવે માત્ર ઘરમાં જેટલું અત્યંત જરૂરી હોય તેટલું જ કઠોળ અને અનાજ ખરીદી રહ્યા છે. જથ્થાબંધ ખરીદી કરવાનું લોકોએ હાલ પૂરતું ટાળ્યું છે.

હાલની પરિસ્થિતિને જોતા વેપારીઓ અને ગૃહિણીઓ બંને એકસૂરે સરકાર પાસે માગ કરી રહ્યા છે કે આ વધતા જતા ભાવો પર વહેલી તકે અંકુશ લાવવામાં આવે અને જનતાને રાહત આપવામાં આવે.

### હોસ્પિટલ સ્ટાફમાં શોકની લાગણી વ્યાપી ગઈ

# સુરતમાં નર્સે ટૂંકાવ્યું જીવનઃ હોસ્પિટલમાં આવેલા રહેઠાણમાં ભર્યું અંતિમ પગલું

## ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે

સુરત,તા.૨૯

સુરત શહેરના પર્વત પાટિયા વિસ્તારમાં વધુ એક નર્સના આપઘાતની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે.

ખંડેલવાલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતી મંજુલાબેને હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલા રહેઠાણમાં રવિવારે રાતે અંદાજે ૩ વાગ્યાની આસપાસ જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મંજુલાબેન છેલ્લા ત્રણ મહિનાથી ખંડેલવાલ હોસ્પિટલમાં નોકરી કરતા હતા અને હોસ્પિટલના કેમ્પસમાં જ રહેતા હતા. સવારે ઘટના સામે આવતા હોસ્પિટલ સ્ટાફમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ સંચાલન દ્વારા પણ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. મંજુલાબેન મૂળ છોટાઉદેપુર જિલ્લાના જેસર ગામના રહેવાસી હતા. તેમના લગ્ન લગભગ ત્રણ વર્ષ પહેલાં થયા હતા. તેમના પતિ હાલમાં વડોદરામાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. અચાનક બનેલી આ ઘટનાના સમાચાર મળતા પરિવારજનો સુરત દોડી આવ્યા હતા. પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને પરિવારજનો, હોસ્પિટલ સ્ટાફ તેમજ નજીકના લોકોના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. જો કોઈ અંતિમ ચિઠ્ઠી મળી આવે અથવા અન્ય પુરાવા સામે આવે તો તેના આધારે તપાસ આગળ વધારવામાં આવશે.

પોલીસના જણાવ્યા મુજબ, હાલ તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે. વ્યક્તિગત, પારિવારિક કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે અંગે પણ તપાસ ચાલી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે.

### વાડીના કૂવામાંથી મળ્યો મૃતદેહ

# જેતપુરના રણુજા ધામ મંદિરના મહંતનો આપઘાત

## કેન્સરની અસહ્ય પીડાથી કંટાળી આ પગલું ભર્યાનો સુસાઇડ નોટમાં ઉલ્લેખ

રાજકોટ,તા.૨૯

રાજકોટ જિલ્લાના જેતપુરના બોરડી સમઢિયાળા અને ખારચિયા ગામ વચ્ચે આવેલા પ્રસિદ્ધ રણુજા ધામ મંદિરના મહંત કરસનદાસ બાપુએ આપઘાત કરી લેતા સમગ્ર પંથકના સેવકો અને શ્રદ્ધાળુઓમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ છે. મહંતે ગંભીર બીમારીથી કંટાળીને આ અંતિમ પગલું ભર્યું હોવાનું તેમની પાસેથી મળી આવેલી સુસાઈડ નોટમાં જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર, મહંત કરસનદાસ બાપુએ મંદિરની સામે જ આવેલી એક વાડીના કૂવામાં પડતું મૂકીને આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો, મંદિરના સેવકો અને ભક્તો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બનાવ અંગે જેતપુર તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસ કાફલો પણ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ અને સ્થાનિક લોકોની મદદથી મહંતના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.પોલીસને ઘટનાસ્થળેથી મહંત કરસનદાસ બાપુએ લખેલી એક સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં તેમણે પોતાના જીવનના છેલ્લા ૪૭ વર્ષનો ઉલ્લેખ કર્યો છે. મૂળ મીઠાપુરના વતની અને વરીયા કુંભાર જ્ઞાતિમાં જન્મેલા મહંતે લખ્યું છે કે, '૪૭ વર્ષ પહેલાં હું પોતાનો પરિવાર છોડી સંન્યાસી બન્યા હતા અને છેલ્લા ૪૫ વર્ષથી રણુજા ધામ મંદિરની સેવા-પૂજા કરતા હતા. આ સમય દરમિયાન મે મારા પરિવાર સાથે કોઈ સંપર્ક રાખ્યો નહોતો.'સુસાઈડ નોટ અનુસાર, આપઘાત પાછળનું મુખ્ય કારણ કેન્સરની ગંભીર બીમારી છે. મહંત છેલ્લા ૧૦ વર્ષથી કેન્સર જેવી જીવલેણ બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. શરીરમાં ફેલાયેલી આ બીમારીને કારણે થતું દર્દ હવે અસહ્ય બની ગયું હતું અને તે સહન કરવું અશક્ય હોવાના લીધે તેઓ શારીરિક પીડાથી કંટાળી ગયા હતા, જેના કારણે આ પગલું ભર્યું છે. હાલ જેતપુર તાલુકા પોલીસે મહંતનો મૃતદેહ અને સુસાઈડ નોટ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તેમજ આ ચકચારી મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### સુરતની હોસ્પિટલમાં સફળ ઓપરેશન

# મંત્રી જયરામ ગામીતને બારડોલીમાં આવ્યો હાર્ટ એટેક

## ઓપરેશન પૂર્ણ થયા બાદ હાલમાં મંત્રી જયરામ ગામીતને સઘન દેખરેખ માટે હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં રાખવામાં આવ્યા છે

સુરત,તા.૨૯

સુરત જિલ્લા અને રાજ્યના રાજકીય વર્તુળોમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી જયરામ ગામીતને હૃદય રોગનો હુમલો આવ્યો છે. સુરતના બારડોલી ખાતે એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપવા માટે મંત્રી પહોંચ્યા હતા, જ્યાં ચાલુ કાર્યક્રમ દરમિયાન જ અચાનક તેમને છાતીમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો.

કાર્યક્રમમાં હાજર સુરક્ષા સ્ટાફ અને પક્ષના કાર્યકરો દ્વારા મંત્રી જયરામ ગામીતની સ્થિતિ બગડતા જ તાત્કાલિક સારવાર આપવાની કવાયત હાથ ધરી હતી. વહીવટી તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરીને તેમને વધુ અને અત્યાધુનિક સારવાર મળી રહે તે માટે બારડોલીથી સીધા જ સુરતની એક સુપર સ્પેશિયાલિટી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મંત્રીને હોસ્પિટલ પહોંચાડવામાં કોઈ વિલંબ ન થાય તે માટે તંત્ર પણ એલર્ટ મોડ પર જોવા મળ્યું હતું.

સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરતાની સાથે જ તજજ્ઞ ડોક્ટરો અને કાર્ડિયોલોજિસ્ટની વિશેષ ટીમ દ્વારા મંત્રીના જરૂરી મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હૃદયમાં બ્લોકેજ જણાતા ડોક્ટરોએ તાત્કાલિક ઓપરેશન કરવાનો નિર્ણય લીધો હતો. હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મંત્રી જયરામ ગામીતનું ઓપરેશન સફળતાપૂર્વક પાર પડ્યું છે.

ઓપરેશન પૂર્ણ થયા બાદ હાલમાં મંત્રી જયરામ ગામીતને સઘન દેખરેખ માટે હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં રાખવામાં આવ્યા છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, સર્જરી બાદ હવે તેમની તબિયતમાં ધીમે-ધીમે સારો સુધારો જોવા મળી રહ્યો છે અને તેમની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર છે. મંત્રીને હાર્ટ એટેક આવ્યાની જાણ થતાં જ સરકારના ઉચ્ચ અધિકારીઓ અને અનેક રાજકીય આગેવાનો તેમના ખબર-અંતર પૂછવા માટે હોસ્પિટલ પહોંચી રહ્યા છે, જ્યારે તેમના સમર્થકો અને કાર્યકરો તેઓ જલ્દી સ્વસ્થ થઈ જાય તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

### કલેક્ટરને વાંધા અરજી સોંપી

# લુણાવાડા નજીક બાયપાસ રોડ માટે જમીન સંપાદન પ્રક્રિયાનો ખેડૂતોએ ઉગ્ર વિરોધ કર્યો

## કિંમતી ખેતીની જમીનો બગાડવાને બદલે બાયપાસની જગ્યાએ ઓવરબ્રિજ બનાવવામાં આવે જેથી જમીન બચી શકે

મહીસાગર,તા.૨૯

મહીસાગર જિલ્લામાંથી ખેડૂતોના અધિકારો અને જમીન સંપાદન સામે ઉગ્ર વિરોધના મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં સૂચિત બાયપાસ રોડના નિર્માણ માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી જમીન સંપાદનની પ્રક્રિયા સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે લુણાવાડા નજીક મોટી સંખ્યામાં અસરગ્રસ્ત ખેડૂતો એકઠા થયા હતા અને વહીવટી તંત્રની નીતિઓ સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.ખેડૂતોના જણાવ્યા અનુસાર, વહીવટી તંત્ર અને જમીન સંપાદન અધિકારીઓ દ્વારા સ્થાનિક ખેડૂતોને સાંભળ્યા વિના જ વળતરના ભાવો બારોબાર નક્કી કરી દેવામાં આવ્યા છે. આ મનસ્વી પ્રક્રિયા સામે સ્પષ્ટ વાંધો ઉઠાવતા ખેડૂત સંગઠનો અને અસરગ્રસ્તોએ જિલ્લા કલેક્ટર તેમજ જમીન સંપાદન અધિકારીને એક વિસ્તૃત વાંધા અરજી સુપ્રત કરી છે. ખેડૂતોએ માગ કરી છે કે, જ્યાં સુધી યોગ્ય અને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સંપાદનની કામગીરી આગળ વધારવી નહીં.વિરોધ કરી રહેલા ખેડૂતોએ પોતાની ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ઘણા ખેડૂતો પાસે ખૂબ જ ટૂંકી જમીન છે. જો બાયપાસ રોડમાં તેમની જમીન જતી રહેશે, તો તેઓ સંપૂર્ણપણે જમીનવિહોણા બની જશે અને ભવિષ્યમાં ખેડૂત તરીકેનું તેમનું અસ્તિત્વ જ જોખમાઈ જશે. આ પરિસ્થિતિ બચાવવા માટે ખેડૂતોએ વૈકલ્પિક સૂચન આપતા માગ કરી છે કે, કિંમતી ખેતીની જમીનો બગાડવાને બદલે બાયપાસની જગ્યાએ ઓવરબ્રિજ બનાવવામાં આવે જેથી જમીન બચી શકે.ખેડૂતોની મુખ્ય માંગણી છે કે, જમીનનું વળતર હાલની જમીનના વર્તમાન બજાર ભાવ મુજબ જ મળવું જોઈએ. જો સરકાર ગરીબ ખેડૂતોને સાંભળ્યા વગર અને યોગ્ય વળતર આપ્યા વગર જમીન સંપાદનની કામગીરી જબરદસ્તીથી આગળ વધારશે, તો આગામી દિવસોમાં તમામ ખેડૂતો ભેગા મળીને ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે તેવી સ્પષ્ટ ચીમકી વહીવટી તંત્રને આપવામાં આવી છે.

### ૧ જૂલાઈથી સરકાર પ્રતિબંધ હટાવશે

# મોટી રાહતઃ પેટ્રોલ પંપ પર ફરીથી ટાંકી ફુલ કરાવી શકશો

## હવે તેલની સપ્લાય સુધરતા અને સ્થિતિ કાબૂમાં આવ્યા બાદ સરકારે પોતાના કડક નિર્ણયો પાછા લીધા છે

નવી દિલ્હી, તા.૨૯

પશ્ચિમ એશિયાના તણાવ અને આંતરરાષ્ટ્રીય તેલ બજારોમાં મચેલા ઘમાસાણ વચ્ચે ગાડીઓના માલિક અને ટ્રાન્સપોર્ટરો માટે એક મોટા રાહતના સમાચાર આવ્યા છે. સરકારે પેટ્રોલ પંપો અને કોમર્શિયલ ખરીદદારો માટે લગાવવામાં આવેલા રાશનિંગને ૧ જુલાઈથી સંપૂર્ણપણે ખતમ કરવાની જાહેરાત કરી છે. પાછલા મહિને જ્યારે ઈરાન યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટનો રસ્તો બંધ થયો હતો, ત્યારે દેશમાં ઈંધણની જમાખોરી અને સમસ્યાને રોકવા માટે સરકારે ઈમરજન્સી નિયમ લાગુ કર્યો હતો. સરકારે રિટેલ પંપ્સ પર દરરોજ ૨૦૦ લિટરથી વધારે ડીઝલની ખરીદી પર રોક લગાવી હતી.પણ હવે તેલની સપ્લાય સુધરતા અને સ્થિતિ કાબૂમાં આવ્યા બાદ સરકારે પોતાના કડક નિર્ણયો પાછા લીધા છે. આ પ્રતિબંધો હટાવવાનો સીધો અર્થ એ થાય છે કે હવે ટ્રક, બસ અને ભારે ઉદ્યોગો સાથે જોડાયેલા કોમર્શિયલ ખરીદદારો કોઈ પણ અડચણ વિના પેટ્રોલ પંપ પરથી જેટલું જોઈએ તેટલું ઈંધણ ખરીદી શકશે. સરકારના આ નિર્ણયથી ન ફક્ત ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો ઓછો આવશે, પણ બજારમાં જરૂરી સામાનની અવરજવર પણ ઝડપી થશે. જેનાથી સામાન્ય ગ્રાહકોને પણ મોંઘવારીના મોર્ચે થોડી આશા જાગશે. હકીકતમાં જોઈએ તો, જૂન મહિનામાં આ પ્રતિબંધો લાગુ કરવા પાછળનું મુખ્ય કારણ રિટેલ અને જથ્થાબંધ ઈંધણના ભાવની વચ્ચે એક બહુ મોટું અંતર હતું. દેશના કુલ ઈંધણ બજારમાં એકલા ડીઝલની ભાગીદારી લગભગ ૪૦ ટકા છે. સંકટ દરમ્યાન ઔદ્યોગિક અને મોટા કોમર્શિયલ યુઝર્સને આપવામાં આવતા જથ્થાબંધ ડીઝલની કિંમત, સામાન્ય પેટ્રોલ પંપ પર મળતા રિટેલ ડીઝલથી લગભગ ૪૦ રૂપિયા પ્રતિ લિટર મોંઘું હતું. આ ભારે અંતરનો ફાયદો ઉઠાવવા માટે પણ મોટી ટ્રક કંપનીઓ અને ઉદ્યોગો જથ્થાબંધ ડીઝલ ખરીદવાનું બંધ કરી દીધું અને પોતાના વાહનોને ડાયરેક્ટ સામાન્ય પેટ્રોલ પંપની લાઈનોમાં ઊભા રાખવાના શરુ કરી દીધા.આમ અચાનક વધેલી ભારે માગથી સૌથી મોટો ઝટકો દેશની સરકારી તેલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમને લાગ્યો. આ કંપનીઓ મળી દેશના ૧ લાખથી વધારે પેટ્રોલ પંપમાંથી લગભગ ૯૦ ટકાનું સંચાલન કરે છે. કેમ કે રિટેલ પંપ્સ પર ડીઝલ સસ્તું મળી રહ્યું હતું તો ટ્રાન્સપોર્ટ કંપનીઓએ ડીઝલ અહીંથી ભરાવવાનું શરુ કરી દીધું.મોટી માત્રામાં ડીઝલ ભરાવવાના કારણે પ્રતિ લિટરના હિસાબથી કંપનીઓની ખોટ વધી ગઈ કેમ કે તેમની પાસે ક્રૂડ ઓઈલ મોંઘું આવી રહ્યું હતું. કંપનીઓ જેમ તેમ કરી ખોટ સહન કરી સામાન્ય લોકોને વધાર્યા વિનાના ભાવે પેટ્રોલ-ડીઝલ આપી રહી હતી, પણ મોટી ટ્રાન્સપોર્ટ કંપનીઓએ આ વસ્તુઓનો ફાયદો ઉઠાવવાની કોશિશ કરી. સરકારના ધ્યાનમાં આ વાત આવતા તરત પ્રતિબંધ લગાવી દીધો. જો કે હવે સ્થિતિ સુધરી રહી છે તેથી આ રોક હટાવી દીધી છે.

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાયો



અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સંચાલિત પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં તારીખ ૨૩ થી ૨૫ દરમિયાન રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ પ્રગતિનો પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો.આ પ્રસંગે માનનીય કૌશિકભાઈ વેકરીયા (મંત્રી, ગુજરાત), સંદીપકુમાર (સેક્રેટરી, ગુજરાત), વિકલ્પ ભારદ્વાજ (કલેકટર, અમરેલી), કે.જે. જાડેજા (ડી.ડી.ઓ., અમરેલી), કે.કે. દવે (મામલતદાર, અમરેલી), શ્રીમતી વૈશાલીબેન માંગરોળિયા (પ્રમુખ, અમરેલી નગરપાલિકા), વિરલભાઈ પોપટ (ઉપપ્રમુખ, અમરેલી નગરપાલિકા), વિનોદ રાઠોડ (ચીફ ઓફિસર, અમરેલી), શ્રીમતી સંગિતાબેન ચાવડા તથા દિલાભાઈ વાળાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. પ્રવેશોત્સવ દરમિયાન બાલવાટિકામાં કુલ ૨૦૬ તેમજ ધોરણ–૧માં કુલ ૧૫૦ બાળકોને નવા શૈક્ષણિક જીવનમાં પ્રવેશ અપાયો હતો. નવનિયુકત વિદ્યાર્થીઓનું તિલક, ફૂલહાર અને વધામણાં સાથે ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભા દર્શાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ, આધુનિક સુવિધાઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતા સતત પ્રયત્નોના પરિણામે ગત વર્ષની સરખામણીમાં આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો છે. આ વધારો વાલીઓના વિાસ અને શિક્ષણ પ્રત્યેની સમિતિની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડી બાળકોને નિયમિત અભ્યાસ, સંસ્કાર અને સર્વાંગી વિકાસ માટે પ્રેરિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને હર્ષોલ્લાસભેર સંપન્ન થયો હતો. તમામ શાળાઓમાં સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ તથા શાસનાધિકારી આશીષભાઈ જોષીના માર્ગદર્શન મુજબ આચાર્યો, શિક્ષકો તથા લાયજન અધિકારી દ્વારા સુંદર રીતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. એમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં અમરેલી સંદિપ વામજાની યાદી જણાવે છે.


**વડેરા બાલમંદિર**

**:: જાહેર હરરાજી ::**


વડેરા બાલમંદિર ગામના પાદરમાં આવેલ છે. જે પાડી કાટમાળના ઈમલાની હરરાજી તા. ૬/૭/૨૬, સોમવારના રોજ બપોરના સમય ૨:૦૦ કલાકે રાખેલ છે તો રસ ધરાવતી એજન્સીઓએ ભાગ લેવા જણાવવામાં આવે છે.

**હરરાજીની શરતો :**

૧. વડેરા બાલમંદિર આ કાટમાળના ઈમલાની અપસેટ કિંમત રૂા. ૧૧૦૦૦ નકિક થયેલ છે.
૨. આસામીઓએ આ કિંમતથી વધારે બોલી કરવાની રહેશે.
૩. હરરાજીમાં ભાગ લેનારે તમામે રૂા. ૧૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. ડિપોઝીટ નહિ ભરનાર હરરાજીમાં ભાગ લઈ શકશે નહિ.
૪. હરરાજીની તારીખથી વધુમાં વધુ ૧૫ દિવસ સુધીમાં આસામીએ પોતાના ખર્ચે અને જોખમે કાટમાળનો ઈમલો પાડી મેદાન સાફ કરી આપવાનું રહેશે.
૫. ઈમલો પાડતા દરમિયાન કોઈ આકસ્મીક બનાવ બને અને જાનમાલને નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી હરરાજીમાં ઈમલો રાખનારની રહેશે. બાલમંદિરની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં.
૬. આખરી બોલ મંજુર કરવાનો કે હરરાજી મોકુફ રાખવાની શરતો રજુ કરનાર વડેરા ગ્રામપંચાયતની રહેશે.
૭. ક્રમ નંબર ૧ થી ૭ માં જણાવેલ હરરાજીની શરતોનુ પાલન કરવામાં નહી આવે તો ભરવામાં આવેલ ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**તલાટી કમ મંત્રીશ્રી, વડેરા ગ્રામ પંચાયત** | **સરપંચશ્રી, વડેરા ગ્રામ પંચાયત**


## હિંડોરણામાં તીનપતીનો જુગાર રમતા ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૯

રાજુલાનાં હિંડોરણામાં પૈસા પાનાથી જુગાર રમતા ૮ ઈસમોને રાજુલા પોલીસે પકડી પાડેલ છે.

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાની રાહબારી હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે રાજુલા તાલુકાના હિંડોરણા ગામમાં જાહેર વિસ્તારમા પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા આઠ ઈસમોને રોકડ રૂપિયા ૧૨,૨૩૦ના મુદામાલ સાથે પકડી પાડી ઝાડપાયેલ આરોપી વિરૂધ્ધમા ધોરસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ કરવામા આવેલ છે.


**સંકુલ PTC કોલેજ ગુજરાતી મિડીયમ પ્રવેશ**
**સંકુલ PTC કોલેજ ઈગ્લીશ મિડીયમ પ્રવેશ**
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
- Ad 115



**:: જાહેર હરરાજી ::**

આથી રસ ધરાવતા લોકોને જણાવવાનું કે, સાવરકુંડલા તાલુકાની શ્રી દાધિયા પ્રા. શાળા ના ધાબા વાળા રૂમ–૪ ની જાહેર હરરાજી તા. ૭–૭–૨૬, મંગળવાર ના રોજ સમય : બપોરે ૨ કલાકે રાખેલ છે. તો રસ ધરાવતી એજન્સીઓને ભાગ લેવા જણાવવામાં આવે છે

અને શ્રી હાડીડા પ્રા. શાળાના ટોઈલેટ બ્લોક–૧ અને મધ્યાહન ભોજન રસોડુ–૧ ની જાહેર હરરાજી તા. ૮–૭–૨૬ બુધવાર ના રોજ સમય : બપોરે ૨ કલાકે રાખેલ છે તો રસ ધરાવતી એજન્સીઓને ભાગ લેવા જણાવવામાં આવે છે. રસ ધરાવતા લોકો એ સ્થળ પર હાજર રહેવું.

આચાર્ય, દાધિયા પ્રા. શાળા, મો. ૯૯૦૯૮ ૨૫૬૫૦ | આચાર્ય, હાડીડા પ્રા. શાળા, મો. ૯૯૨૫૩ ૨૦૫૫૨



**વડેરા ગ્રામ પંચાયત**

**:: જાહેર હરરાજી ::**

વડેરા આંગણવાડી કેન્દ્ર નંબર–૩ કોર્ડ નં. ૮૦, ગામના પાદરમાં આવેલ છે. જે પાડી તેના કાટમાળની હરરાજી તા. ૬/૭/૨૬, સોમવારના બપોર ના સમય ૧:૦૦ કલાકે રાખેલ છે, તો રસ ધરાવતી એજન્સીઓને ભાગ લેવા જણાવવામાં આવે છે.

**હરરાજીની શરતો :**

૧. વડેરા આંગણવાડી કેન્દ્ર નંબર – ૩ કોર્ડ નં. ૮૦ આ કાટમાળના ઈમલાની અપસેટ કિંમત રૂા. ૮૫૦૦ નકિક થયેલ છે.
૨. આસામીઓએ આ કિંમતથી વધારે બોલી કરવાની રહેશે.
૩. હરરાજીમાં ભાગ લેનારે તમામે રૂા. ૧૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. ડિપોઝીટ નહિ ભરનાર હરરાજીમાં ભાગ લઈ શકશે નહિ.
૪. હરરાજીની તારીખથી વધુમાં વધુ ૧૫ દિવસ સુધીમાં આસામીઓએ પોતાના ખર્ચે અને જોખમે કાટમાળનો ઈમલો પાડી મેદાન સાફ કરી આપવાનું રહેશે.
૫. ઈમલો પાડતા દરમિયાન કોઈ આકસ્મીક બનાવ બને અને જાનમાલને નુકસાન થાય તેની સંપૂર્ણ જવાબદારી હરરાજીમાં ઈમલો રાખનારની રહેશે. પંચાયતની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં.
૬. આખરી બોલ મંજુર કરવાનો કે હરરાજી મોકુફ રાખવાની, શરતો રજુ કરનાર વડેરા ગ્રામ પંચાયતની રહેશે.
૭. ક્રમ નંબર ૧ થી ૭ માં જણાવેલ હરરાજીની શરતોનુ પાલન કરવામાં નહી આવે તો ભરવામાં આવેલ ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**તલાટી કમ મંત્રીશ્રી, વડેરા ગ્રામ પંચાયત** | **સરપંચશ્રી, વડેરા ગ્રામ પંચાયત**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૩૦ | ૧૬૦૦ |
| ૨ | શિંગદાણા | ૧૪૦૦ | ૨૦૪૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૯૫ | ૨૬૨૫ |
| ૫ | તલ કાળા | ૨૧૩૦ | ૩૭૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૭ | બાજરો | ૩૧૫ | ૩૩૫ |
| ૮ | જુવાર | ૫૧૫ | ૧૧૧૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૬૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૫ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૩૮૫ |
| ૧૨ | મગ | ૧૪૦૫ | ૧૬૮૦ |
| ૧૩ | અડદ | ૮૮૦ | ૧૩૭૦ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૧૬૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| ૧૭ | ચોળી | ૬૪૦ | ૬૪૦ |
| ૧૮ | તુવેર | ૭૫૦ | ૧૩૫૦ |
| ૧૯ | કપાસ | ૭૩૫ | ૧૯૨૫ |
| ૨૦ | એરંડા | ૧૦૭૦ | ૧૩૬૫ |
| ૨૧ | જીરૂ | ૨૦૦૦ | ૩૮૦૦ |
| ૨૨ | રાય | ૧૧૦ | ૧૫૨૫ |
| ૨૩ | ધાણી | ૧૯૦૦ | ૨૭૮૫ |
| ૨૪ | અજમા | ૨૨૭૫ | ૨૭૬૦ |
| ૨૫ | મેથી | ૯૦૦ | ૧૩૬૦ |
| ૨૬ | સોયાબીન | ૧૦૦૦ | ૧૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૨૬ |
| ૨ | શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૯ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૧ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૮૩૦ |
| ૫ | જીરૂ | – | ૩૮૮૦ |
| ૬ | કપાસ | ૧૮૦૦ | ૧૮૯૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૪ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૬૫૦ | ૧૧૦૦ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| ૧૨ | અડદ | ૧૫૦૦ | ૧૮૩૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૬૦ |
| ૧૫ | એરંડી | ૧૨૫૦ | ૧૩૪૦ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૭ | ધાણા | ૨૦૦૦ | ૨૭૦૧ |
| ૧૮ | રજકાબીજ | – | ૬૫૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૫ | ૧૬૮૦ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૬૮ | ૪૭૨ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૨૧ |
| ૫ | તુવેર | ૧૨૫૦ | ૧૩૯૫ |
| ૬ | ધાણા | ૨૫૭૦ | ૨૫૭૦ |
| ૭ | મગ | ૧૨૫૦ | ૧૫૯૧ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| ૯ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| ૧૦ | શીંગ દાણા | ૧૪૦૧ | ૧૬૩૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૯૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૬૦ | ૧૧૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૭૯ |
| ૩ | મેથી | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૯ | ૪૭૫ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ૬ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૨ |
| ૭ | બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| ૮ | ધાણા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૯ | ચણા સફેદ | ૧૦૨૫ | ૧૦૮૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૭૮૦ | ૧૮૫૦ |
| ૧૧ | સોયાબીન | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ૧૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૬૦ |
| ૧૩ | મગ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૧૪ | લસણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૮૧૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૪૫ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૩૩૦ |
| ૫ | તલ કાળા | ૩૦૨૦ | ૩૪૨૦ |
| ૬ | જીરૂ | ૩૨૧૦ | ૩૮૫૦ |
| ૭ | ચણા | ૧૧૧૦ | ૧૧૫૦ |
| ૮ | ઘઉં | ૪૫૫ | ૫૦૫ |
| ૯ | મગ | ૧૩૨૦ | ૧૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૭૦ | ૧૨૯૦ |
| ૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૦૦ |
| ૩ | તલ કાળા | ૨૬૦૦ | ૩૬૦૪ |
| ૪ | કપાસ | ૧૧૫૦ | ૧૬૦૬ |
| ૫ | બાજરો | ૪૩૧ | ૫૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૭૦ | ૪૯૧ |
| ૭ | જુવાર | ૫૯૦ | ૧૧૮૧ |
| ૮ | મગ | ૧૬૨૦ | ૧૭૦૦ |
| ૯ | અડદ | ૧૬૫૧ | ૧૭૭૧ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૧ | ચણા | ૯૯૦ | ૧૧૨૫ |
| ૧૨ | એરંડી | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ૧૩ | સોયાબીન | ૧૩૪૯ | ૧૩૪૯ |

આયુર્વેદ ફ્રી નિદાન કેમ્પ તથા સુવર્ણપ્રાશન
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬, મંગળવાર
આ કેમ્પમાં પેટના રોગો, હરસ-મસા, ભખંદર, વાયુના રોગો, સાંધાના દુ:ખાવાના રોગો, પંચકર્મ, ડાયાબીટીસ રોગ, ચામડીના રોગો, વ્યંધ્યત્વ તેમજ જુના હઠીલા રોગો માટે
ફ્રી નિદાન તેમજ સારવાર તથા સુવર્ણપ્રાશન કેમ્પ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
સંપર્ક : 99789 66629

## સમગ્ર જિલ્લાની જનતા વરસાદની રાહ જુએ છે તે સમયે

# રાજુલા અને લીલીયાનાં અનેક વિસ્તારોમાં વરસાદ

વીકટર, ખેરા, ચાંચ, કથીવદર સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદથી ઠંડક પ્રસરી

વરસાદનાં આગમનથી જગતાત ગણાતા ખેડૂતોમાં ખૂશીનો માહોલ છવાયો

અમુક વિસ્તારમાં જોરદાર તો અમુક વિસ્તાર સામાન્ય વરસાદ પડી ગયેલ

મેઘરાજા મન મુકીને વરસે તે માટે સમગ્ર જિલ્લાની જનતા ઈચ્છી રહી છે



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં ગઈકાલે સાવરકુંડલાનાં અમુક ગ્રામ્ય વિસ્તારમાં વરસાદનાં વાવડ બાદ આજે રાજુલા અને લીલીયા મોટાનાં ગ્રામ્ય વિસ્તારમાં હળવાથી લઈને જોરદાર વરસાદનાં વાવડ મળી રહ્યા છે.

આજે રાજુલાનાં વીકટર, ખેરા, ચાંચ, કથીવદર સહિતનાં ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત, લીલીયા મોટાનાં પણ અમુક વિસ્તારમાં વરસાદનાં વાવડ મળી રહ્યા છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી તો ખેડૂતોનાં મોંએ પણ ઉદાસીનતાનાં વાદળો થોડા દૂર થયા હતા.

સમગ્રજિલ્લાની જનતા પણ મેઘરાજા મન મુકીને વરસે તેવી પ્રર્થાના કરી રહી છે.

### ગૌચરમાં ઈંટોના ભઠ્ઠા નજીક

## ધારી : કોઠાપીપરીયા ગામનાં આધેડે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી

### કંટાળામાં યુવકનું પગ લપસી જવાથી મોત

અમરેલી, તા. ૨૯

ધારી તાલુકાના કોઠાપીપરીયા ગામે રહેતા પ્રવિણભાઈ વાલજીભાઈ દાફડા નામના ૪૨ વર્ષીય આધેડે ગત તા. ૨૭ના રોજ બપોરના ૧ વાગ્યાનાં અરશામાં કોઠાપીપરીયા ગામની સીમમાં આવેલ ગૌચરમા ઈંટોના ભઠ્ઠા નજીક કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાની ઝેરી દવા (ટીકડા) પી જતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં ખાંભા તાલુકાના કંટાળા ગામે રહેતા મનુભાઈ સોમાતભાઈ રાઠોડ નામના ૩૨ વર્ષીય યુવક ગત તા. ૨૮ના રોજ સવારના આશરે સાડા દશેક વાગ્યે માલણ નદિના ડેમના પાળા ઉપરથી વાડી તરફ જતા હતા તે સમયે અકસ્માતે પગ લપસી જતા તેમનું ડેમમાં પડી જતા પાણીમાં ડુબી જવાથી સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, બોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

सुश्रुत આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુ:ખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
- Liaisonig Officer - 1
- Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
- Reporting Manager - 1
- Sales Co - Ordinator - 1
- Trainer - 1

Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)